# श्री गिरनारस्तवः




સોરઠ દેશમાં સંચર્યો, ન ચઢ્યો ગઢગિરનાર;
સહસાવન ફરસ્યો નહીં, એનો એળે ગયો અવતાર.
દીક્ષાકલ્યાણકભૂમિ
સહસાવન
કેવળજ્ઞાનકલ્યાણકભૂમિ
સહસાવન

ગિરનારમંડન શ્રી નેમિનાથાય નમઃ
શ્રીવરદત્ત ગણધરાય નમઃ

आचार्य हेमवल्लभसूरिभिः विरचितः

# श्री गिरनारस्तवः

રચનાકાર

શાસનપ્રભાવક પરમપૂજ્ય પંન્યાસ ચન્દ્રશેખર વિજયજી ગણિવર્યના
તપસ્વી શિષ્યરત્ન પ.પૂ.આ. ધર્મરક્ષિતસૂરીશ્વરજી મહારાજ સાહેબના શિષ્ય
**પ.પૂ.આ. હેમવલ્લભસૂરિ મહારાજ સાહેબ**

પ્રકાશક

**સહસાવન કલ્યાણકભૂમિ તીર્થોદ્ધાર સમિતિ**

C/o. ગૌરવશાળી ગિરનારદર્શન ધર્મશાળા, રૂપાયતન રોડ, શિવ નિકેતનની બાજુમાં, ભવનાથ તળેટી, જૂનાગઢ - ૩૬૨૦૦૧.
Telephone No. : ૦૨૮૫ ૨૬૧૧૨૦૦ / M. No. : ૯૪૦૯૬ ૮૫૯૯૯
E-mail : girnarbhakti@gmail.com Web : www.girnardarshan.com

વિ. સં. ૨૦૮૦ અષાઢ સુદ ૮
શ્રી નેમિનાથ ભગવાન મોક્ષ કલ્યાણક દિન

## પ્રાપ્તિસ્થાન

દ્વિતીય આવૃત્તિ
નકલ : ૨૦૦૦
કિંમત : રૂા. ૫૦

ગૌરવશાળી ગિરનારદર્શન ધર્મશાળા
રૂપાયતન રોડ, મીનરાજ સ્કૂલની સામે,
ભવનાથ તળેટી, જૂનાગઢ-૩૬૨૦૦૧.
મો. ૯૪૦૯૬ ૮૫૯૯૯

ભગીરથભાઈ
આશ્રમ રોડ,
અમદાવાદ-૩૮૦૦૦૭.
મો. ૯૮૨૫૨ ૮૮૯૯૧

અર્હમ્ ક્રિએશન
પાલ, સુરત-૩૯૫૦૦૯.
મો. ૯૯૨૪૭ ૨૨૩૨૨

નવભારત સાહિત્ય મંદિર
ગાંધી રોડ, અમદાવાદ.
મહેન્દ્રભાઈ
મો. ૯૮૨૫૦ ૪૭૮૪૧

જૈનદર્શન પ્રકાશન મંદિર
ધરણીધર રોડ, અમદાવાદ.
હેમંતભાઈ ગાંધી
મો. ૯૪૨૬૩ ૦૨૫૬૮

સાગરભાઈ (પરેલ, મુંબઈ)
મો. ૯૬૯૯૨ ૧૦૯૭૯

કીર્તિભાઈ ધરોડ
ઘાટકોપર (ઈસ્ટ),
મુંબઈ-૪૦૦૦૭૭.
મો. ૯૮૨૦૭ ૬૫૦૯૭

કેયુરભાઈ શેઠ
નિઝામપુરા, વડોદરા.
મો. ૭૨૮૫૦ ૦૫૧૫૨

જયેશભાઈ
હજૂર પાયગા રોડ, ભાવનગર.
મો. ૮૮૬૬૧ ૪૫૧૯૯/૯૪૨૭૧ ૪૫૧૯૯

ભાવેશભાઈ
મહેતા ડેરી, પાલિતાણા.
મો. ૯૯૭૯૦૫૧૪૦૦/૬૩૫૧૫ ૨૦૪૬૦

**On Line**
**R. K. Group**
**No. 1/1, 3rd Floor, 1st Cross**
**Vinayaka Towers, Gandhinagar,**
**Banglore - 560009.**
મો. ૭૨૫૯૩ ૮૪૧૩૬

જ્ઞાનની બારી
જી-૧, લાભ કોમ્પલેક્ષ, ૧૭ તાલુકા સોસાયટી,
નવજીવન, અમદાવાદ-૩૮૦૦૧૪.
મો. ૯૪૦૮૩૭૧૨૦૬

॥ શ્રી શત્રુંજય મંડન શ્રી ઋષભદેવ સ્વામીને નમઃ ॥
॥ શ્રી સિદ્ધિ-વિનય-ભદ્ર-વિલાસ-ઓમકાર-ભદ્રંકર-અરવિંદસૂરિભ્યો નમઃ ॥

ॐ Acharya Yashovijaysuri

'તુજ કરુણાધારમાં,
નિત્ય ભીંજાતો રહું...'

'શ્રી ગિરનાર સ્તવ'ને વાંચતાં જ કોડે કોડે દીવા પ્રગટી ઉઠ્યા.

અદ્ભુત તીર્થરાજ.
અદ્ભુત એની સ્તવના.

સ્તવનામાં એક વિશેષણ આવ્યું તીર્થરાજનું : 'ચૈતન્ય મંદિર..'

સાધકની ભીતર રહેલ નિર્મળ ચૈતન્યનું પ્રગટીકરણ આ ગિરિરાજના આન્દોલનો જ થાય.

સાધકની સજ્જતાને ગિરિરાજના આન્દોલનો મુખરિત કરે.

મહાત્મા બુદ્ધ ધ્યાનમાં હતા. એક સાધક એમની પાસે આવ્યો. પાંચ મિનીટ એ ત્યાં બેઠો. અને પછી એણે કહ્યું: ભગવન્! ખૂબ આભાર આપનો...

એ ગયો.

પાછળથી પટ્ટશિષ્ય આનંદે પૂછ્યું: પ્રભુ! તમે તો ધ્યાનમાં હતા. તમે એક શબ્દ પણ તેને નહોતો આપ્યો. છતાં તેણે ખૂબ આભાર માનેલ. શું કારણ?

બુદ્ધ સસ્મિત બોલ્યા: આનંદ! એની પાસે શ્રદ્ધાનું કોડિયું, સમર્પણની વાટ અને ભક્તિનું ઘી હતું જ, તેને જરૂર હતી જીવંત દીપની.

"એ મારી પાસે બેઠો. એનો દીપ જલી ઊઠ્યો ને એ ગયો..."

∞

સાધનામાં અવરોધક તત્વો ત્રણ: રાગ, દ્વેષ, મોહ. એમાં પણ વધારે અવરોધક છે મોહ. અહંકાર.

હું જ સેન્ટર પોઈન્ટ / મધ્યબિન્દુ પર છે ને ! હું જે ગમે ત્યાં રાગ. હુંને ન ગમે ત્યાં દ્વેષ. અણગમો.

આ મોહને દૂર કરનાર છે ગિરિના આન્દોલનો. 'મોહમેગઝ સમાધિર..'

॰ ॰

એક વાર ગિરિરાજ પર થોડા દિવસ રોકાવાનું સદ્ભાગ્ય મળેલું. પ્રભુનું પરમ આત-મીય તે દિવસોમાં માણેલું-

સાંજે આરતી પછી પ્રભુભક્ત બધુભાઈ (અત્યારે મુનિરાજ શ્રી હેમશેખરવિજયજી) લયબદ્ધ રીતે 'ૐ હ્રીં અર્હં શ્રી નેમિનાથાય નમઃ' નું મન્ત્રગાન કરતા... અને ધીરે ધીરે પ્રભુના ગર્ભગૃહનાં દ્વાર બંધ થતાં. હૃદયમાં ધ્રાસ્કો પડતો. ક્યારે એ ગમતું એવું દર્શનનું સુખ ફરી જ મળશે !

નેમિનાથ દાદાનું તો પરમ આકર્ષણ દરેક જૈનને હોય જ. અહીં તો ગિરિરાજના સાક્ષાત્કારની વાત કરી તેના વિશેષણ દ્વારા: 'અલૌકિક પર્વત...' એવા યુવાનોને પોતાની તરફ આકર્ષતો આ ગિરિરાજ..

ખરેખર, વંથલી બાજુથી આવતા હાઈવે પર અને ગિરિરાજનું દર્શન થાય ત્યાં જ આંખો ભીની થઈ જાય.

એ આંખોની ભીનાશ કેટલાંય કર્મોને ખેરવી નાખે !

००

વિદ્વદ્વર્ય આચાર્ય પ્રવર શ્રી. હેમવલ્લભ સૂરિજીએ 'ગિરનાર સ્તવ'ની રચના કરીને આપણા હૃદયમાં રહેલ ગિરિરાજ પરના તીવ્ર આદરને કાગળ દેહ આપ્યો છે.

એનો સ્વાધ્યાય કરતાં
આંખો ભીની બને,
હૃદય પુલકિત બને,
રોમ રોમ નાચી ઉઠે.

— યશોવિજય સૂરિ

આચાર્ય શ્રી, ૐકાર સૂરિ આરાધના ભવન,
વેસુ, સુરત

# ગિરનારનો મહિમા ન્યારો...

D સ્વર્ગલોક, મૃત્યુલોક અને પાતાળલોક એવા ત્રણેય લોકમાં જેની તુલનામાં કોઈ તીર્થ ન આવે તે તીર્થ છે આ ગિરનાર !

D જેના સ્મરણ, સ્પર્શન, દર્શન, વંદન, પૂજનાદિના પ્રભાવે ભવિજનો મોક્ષસુખને પામે તે તીર્થ છે આ ગિરનાર !

D જ્યાં ઊંદર – બિલાડી, સિંહ – હાથી, મોર – સર્પ જેવા જાતિવૈરી જીવોના પણ વેરઝેર શાંત – પ્રશાંત થાય છે તે તીર્થ છે આ ગિરનાર !

D જ્યાં વસતા પૃથ્વીકાય, અપ્‌કાય, તેઉકાય, વાઉકાય, વનસ્પતિકાય અને તિર્યંચજીવો પણ ૩-૫-૭-૮ ભવોમાં સિદ્ધપદને પામે છે તે તીર્થ છે આ ગિરનાર !

D આકાશમાં ઉડતા પક્ષીની છાયા પણ જેને સ્પર્શે તેની પણ દુર્ગતિ દૂર કરાવે તે તીર્થ છે આ ગિરનાર !

D ઘેર બેઠાં પણ જેનું ધ્યાન ધરવામાં આવે તો નિશ્ચયથી ચોથાભવે મોક્ષ અપાવે તે તીર્થ છે આ ગિરનાર !

- સ્વર્ગલોક, પાતાળલોક અને મૃત્યુલોકના ચૈત્યોમાં સુર, અસુર અને રાજાઓ જેના આકારને હંમેશા પૂજે છે તે તીર્થ છે આ ગિરનાર !
- અનંતા તીર્થંકર પરમાત્માના અનંતા દીક્ષા – કેવળજ્ઞાન અને મોક્ષ કલ્યાણકોની ઊર્જાથી અનંતા આત્માને મોહજય કરાવનાર તીર્થ છે આ ગિરનાર !
- આધ્યાત્મિક ઐશ્વર્યને ધારણ કરનાર તીર્થ છે આ ગિરનાર !
- જેની માટીના કણ કણમાં સુવર્ણનો વાસ છે તે તીર્થ છે આ ગિરનાર !
- જ્યાં અનંતા તીર્થંકરોના વૈરાગ્યરસથી વાસિત વાયુમંડળનું વાતાવરણ છે તે તીર્થ છે આ ગિરનાર !
- જ્યાં અનંતા તીર્થંકરોની દેશનાની દિવ્યવાણીનું ગુંજન સમગ્ર સૃષ્ટિમાં સતત ધબકે છે તે તીર્થ છે આ ગિરનાર !
- અનંતા આત્માઓને પરમાનંદનું પાન કરાવી શ્રેષ્ઠ મંગળ કરાવે તે તીર્થ છે આ ગિરનાર !

આવા કેટકેટલાય ગુણરત્નોની ખાણ સમાન આ ગિરનાર ગિરિવરના સંપૂર્ણ ગુણોને તીર્થંકર પરમાત્મા જાણી અને દેખી શકે છે પરંતુ તેનું વર્ણન કરવા અસમર્થ છે તેવા ગિરનારતીર્થની ભક્તિથી

પ્રેરાઈને તેના ગુણાનુસાર વિવિધ નામોની રચના કરેલ છે. આ નામોના ગુંથન દ્વારા આ **"ગિરનારસ્તવ"**નું સર્જન થયેલ છે.

સૌ ગિરનારપ્રેમી આ ગરવા ગિરનારની સ્તવના અને અભિષેકના માધ્યમથી ગિરનારમય બની ગિરનાર સાથે પ્રીતિ-ભક્તિના નાતે પરંપરાએ મુક્તિ પામે એ જ મંગલકામના.

"હમ મગન ભયે પ્રભુ ધ્યાનમેં..." શાંતિનાથ પ્રભુના સ્તવનની આ પંક્તિને સાર્થક કરનારા, સદા અધ્યાત્મરસનું આસ્વાદન કરતાં ભક્તિયોગાચાર્ય પરમ પૂજ્ય આચાર્ય યશોવિજયસૂરીશ્વરજી મહારાજાએ શાસનના અનેકવિધ કાર્યોની વ્યસ્તતા વચ્ચેથી સમય કાઢી આ "શ્રી ગિરનારસ્તવઃ"ની રચના માટે પ્રસ્તાવના લખી આપીને મહોપકાર કરેલ છે. સાથે સાથે આ રચનાના સર્જન દરમ્યાન મારી સહાયમાં હરપળ ખડે પગે તત્પર રહેતા મારા શિષ્યવૃંદના ઉપકારોને તો કેમ વિસરાય ?

પ્રાન્તે આ સ્તવનાના સર્જનમાં જિનાજ્ઞા વિરુદ્ધ કંઈ લખાયું હોય તો મન - વચન - કાયાએ કરી ત્રિવિધે ક્ષમા યાચના કરું છું.

**વર્ધમાનપુરી તીર્થ (વઢવાણ સીટી)**
**વિ. સં. ૨૦૭૯ ભાદરવા વદ અમાસ**
**(શ્રી નેમિનાથ ભગવાન કેવળજ્ઞાન કલ્યાણક દિન)**

# श्री गिरनारस्तवः

१. ॐ नमो महातीर्थाय

कैलासगिरिवराय उज्जयन्तगिरिवराय रैवतगिरिवराय स्वर्णगिरिवराय
गिरनारगिरिवराय नन्दभद्रगिरिवराय पारसगिरिवराय योगेन्द्रगिरिवराय
सनातनगिरिवराय सुरभिगिरिवराय उदयगिरिवराय तापसगिरिवराय

श्री गिरनारगिरये स्वाहा ।

શ્રી ગિરનારસ્તવઃ નો
ઓડિયો / વીડિયો જોવા માટે
**QR Code સ્કેન કરો.**

२. ॐ नमो महातीर्थाय

आलम्बनभूधराय परमभूधराय श्रीभूधराय सप्तशिखरभूधराय
चैतन्यभूधराय अव्ययभूधराय ध्रुवभूधराय परमोदयभूधराय
निस्तारभूधराय पापहरभूधराय कल्याणकभूधराय वैराग्यभूधराय

श्री गिरनारगिरये स्वाहा ।

३. ॐ नमो महातीर्थाय

पुण्यदायकशैलाय सिद्धपदशैलाय द्रष्टिदायकशैलाय इन्द्रशैलाय

निरञ्जनशैलाय विश्रामशैलाय पञ्चमशैलाय भवच्छेदकशैलाय

आश्रयशैलाय स्वर्गशैलाय समत्वशैलाय अमलशैलाय

श्री गिरनारगिरये स्वाहा ।

४. ॐ नमो महातीर्थाय

ज्ञानोद्योतनगाय गुणनिधिनगाय स्वयम्प्रभनगाय अपूर्वनगाय

पूर्णानन्दनगाय अनुपमनगाय प्रभञ्जननगाय प्रभवनगाय

अक्षयनगाय रत्ननगाय प्रमोदनगाय प्रशान्तनगाय

श्री गिरनारगिरये स्वाहा ।

५. ॐ नमो महातीर्थाय

पद्ममहीधराय सिद्धशेखरमहीधराय चन्द्रमहीधराय सूर्यमहीधराय

इन्द्रपर्वतमहीधराय आत्मानन्दमहीधराय आनन्दधरमहीधराय सुखदायीमहीधराय

भव्यानन्दमहीधराय परमानन्दमहीधराय इष्टसिद्धिमहीधराय रामानन्दमहीधराय

श्री गिरनारगिरये स्वाहा ।

६. ॐ नमो महातीर्थाय

भव्याकर्षणपर्वताय दुःखहरपर्वताय शिवानन्दपर्वताय उज्जवलपर्वताय

आनन्दपर्वताय तीर्थोत्तमपर्वताय महेश्वरपर्वताय रम्यपर्वताय

बोधिदायपर्वताय महोद्योतपर्वताय अनुत्तरपर्वताय प्रशमपर्वताय

श्री गिरनारगिरये स्वाहा ।

७. ॐ नमो महातीर्थाय

मोहभञ्जकक्षमाधराय परमार्थक्षमाधराय शिवस्वरूपक्षमाधराय ललितक्षमाधराय अमृतक्षमाधराय दुर्गतिवारणक्षमाधराय कर्मक्षायकक्षमाधराय अजेयक्षमाधराय सत्त्वदायकक्षमाधराय विरतिक्षमाधराय व्रतक्षमाधराय संयमक्षमाधराय

श्री गिरनारगिरये स्वाहा ।

८. ॐ नमो महातीर्थाय

सर्वज्ञगिरीश्वराय केवलगिरीश्वराय ज्ञानगिरीश्वराय निर्वाणगिरीश्वराय तारकगिरीश्वराय शिवगिरीश्वराय हंसगिरीश्वराय विवेकगिरीश्वराय मुक्तिराजगिरीश्वराय मणिकान्तगिरीश्वराय महायशगिरीश्वराय अव्याबाधगिरीश्वराय

श्री गिरनारगिरये स्वाहा ।

९. ॐ नमो महातीर्थाय

जगतारणगिरये विलासगिरये अगम्यगिरये सुगतिगिरये

वीतरागगिरये चिन्तामणिगिरये अतुलगिरये महावैद्यगिरये

पावनगिरये अचलगिरये लब्धिगिरये सौभाग्यगिरये

श्री गिरनारगिरये स्वाहा ।

**मंत्र : ॐ ह्रीँ श्रीँ महातीर्थाय नमः ।**

१. पुण्यस्थावरतीर्थेषु, स्वर्भूर्भूतलवर्त्तिषु ।
उज्जयन्तगिरेस्तुल्यं, तीर्थं नास्ति जगत्त्रये ॥ - **वस्तुपाल चरित्र, प्रस्ताव-५, गाथा-५६६**

२. पूजास्नपनदानानि, तपश्चात्र कृतानि वै ।
सम्पद्यन्ते मोक्षसौख्यहेतवो भव्यजन्मिनाम् ॥ - **उज्जयन्त स्तव, गाथा-२०**

३. मार्जारमूषकौ, सिंहवारणावहिबर्हिणौ ।
प्रशान्तवैरा वर्तन्ते, पवित्रे यत्र पर्वते ॥ - **शत्रुञ्जय माहात्म्य, सर्ग-१०, गाथा-२३**

४. महातीर्थमिदं सर्वतीर्थोत्कृष्टं जगत्त्रये ।
तिर्यञ्चोपि हि सद्वासात् सिध्यन्त्यन्तर्भवाष्टकम् ॥ - **शत्रुञ्जय माहात्म्य, सर्ग-१३, गाथा-३८**

५. भूरुहा दृषदो भूमि वाय्वम्ब्वग्निशरीरिणः ।
अचेतना अपि शिवं यातारोऽत्र कियद्दिनैः ॥ - **शत्रुञ्जय कल्पवृत्ति, गाथा-८८०**

६. तावत्सर्वाणि पापानि तावद् दुःखान्यनेकशः ।
तावत् संसारवासोऽत्र न यावद् रैवते गमः ॥ **- शत्रुञ्जय माहात्म्य, सर्ग-१३, गाथा-३०**

७. अन्यत्रापि स्थितः प्राणी, ध्यायन्नेनं गिरीश्वरम् ।
आगामिनि भवे भावी, चतुर्थे किल केवली ॥ **- वस्तुपाल चरित्र, सर्ग-५, गाथा-५८२**

८. यथास्पृष्टमयः स्पर्शोपलेनाप्नोति हेमताम् ।
तथाऽस्य स्पर्शतो देही भवेच्चिन्मयरूपभाग् ॥ **- शत्रुञ्जय कल्पवृत्ति, गाथा-८८२**

९. महातीर्थमिदं तेन, सर्वपापहरं स्मृतम् ।
शत्रुञ्जयगिरेरस्य, वन्दने सदृशं फलम् ॥ **- वस्तुपाल चरित्र, सर्ग-५, गाथा-५८०**

**अर्हत्गुरुप्रसादेन, हेमवल्लभसूरिणा ।**
**ग्रथितो भक्तिसंयुक्तो, गिरनारगिरेः स्तवः ॥**

## श्री गिरनारस्तवस्य फलादेशः प्रारभ्यते

१. इतीमं पूर्वोक्तं नवालापकयुक्तं, अनन्तमहिमागर्भिताष्टोत्तरशतनामधेययुक्तं, अष्टमहासिद्धिप्रदं, सर्वपापनिवारणं, सर्वपुण्यकारणं, सर्वदोषहरं, सर्वविघ्नविनाशकं, सर्ववैरभावशामकं, तीर्थभक्तिवर्धकं, सर्वगुणाकारं, महाप्रभावं, महापुण्यप्राप्यं गिरनारस्तवं सम्यग् गृह्णतां, जपतां, पठतां, अधीयतां, अवधारयतां, साध्नुवतां, गुणयतां, अभिस्तुवतां, श्रुण्वतां, स्मरतां, ध्यायतां, समनुप्रेक्षमाणानां "**त्रिलोकवर्तितीर्थेषु गिरनारगिरेः तुल्यं तीर्थं जगत्त्रये नास्ति**" इति ज्ञात्वा भव्यजीवानां गिरनारतीर्थं हृदि अवगाहितं भवति ।

२. इतीमं पूर्वोक्तं नवालापकयुक्तं, अनन्तमहिमागर्भिताष्टोत्तरशतनामधेययुक्तं, अष्टमहासिद्धिप्रदं, सर्वपापनिवारणं, सर्वपुण्यकारणं, सर्वदोषहरं, सर्वविघ्नविनाशकं, सर्ववैरभावशामकं, तीर्थभक्तिवर्धकं, सर्वगुणाकारं, महाप्रभावं, महापुण्यप्राप्यं गिरनारस्तवं सम्यग् गृह्णतां, जपतां, पठतां, अधीयतां, अवधारयतां, साध्नुवतां, गुणयतां, अभिस्तुवतां, श्रुण्वतां, स्मरतां, ध्यायतां, समनुप्रेक्षमाणानां "**भव्यजन्मिनाम् पूजास्नपनदानतपादिद्वारेण मोक्षसुखस्य कारणं भवति**" इति ज्ञात्वा भव्यजीवानां चतुर्विधधर्मे उद्यमः प्रवर्तते।

३. इतीमं पूर्वोक्तं नवालापकयुक्तं, अनन्तमहिमागर्भिताष्टोत्तरशतनामधेययुक्तं, अष्टमहासिद्धिप्रदं, सर्वपापनिवारणं, सर्वपुण्यकारणं, सर्वदोषहरं, सर्वविघ्नविनाशकं, सर्ववैरभावशामकं, तीर्थभक्तिवर्धकं, सर्वगुणाकारं, महाप्रभावं, महापुण्यप्राप्यं गिरनारस्तवं सम्यग् गृह्णतां, जपतां, पठतां, अधीयतां, अवधारयतां, साध्नुवतां, गुणयतां, अभिस्तुवतां, श्रुण्वतां, स्मरतां, ध्यायतां, समनुप्रेक्षमाणानां "**सिंहगजौ सर्पमयूरौ मार्जारमूषकौ च गिरनारमहातीर्थे प्रशान्तवैरा वर्तन्ते**" इति ज्ञात्वा भव्यजीवानां उपशमभावो जागर्ति ।

४. इतीमं पूर्वोक्तं नवालापकयुक्तं, अनन्तमहिमागर्भिताष्टोत्तरशतनामधेययुक्तं, अष्टमहासिद्धिप्रदं, सर्वपापनिवारणं, सर्वपुण्यकारणं, सर्वदोषहरं, सर्वविघ्नविनाशकं, सर्ववैरभावशामकं, तीर्थभक्तिवर्धकं, सर्वगुणाकारं, महाप्रभावं, महापुण्यप्राप्यं गिरनारस्तवं सम्यग् गृह्णतां, जपतां, पठतां, अधीयतां, अवधारयतां, साध्नुवतां, गुणयतां, अभिस्तुवतां, श्रुण्वतां, स्मरतां, ध्यायतां, समनुप्रेक्षमाणानां "**गिरनारगिरेः सद्वासात् तिर्यञ्चोऽपि अन्तर्भवाष्टकं सिध्यन्ति**" इति ज्ञात्वा भव्यजीवानां संवेगरसः प्रादुर्भवति ।

५. इतीमं पूर्वोक्तं नवालापकयुक्तं, अनन्तमहिमागर्भिताष्टोत्तरशतनाममधेययुक्तं, अष्टमहासिद्धिप्रदं, सर्वपापनिवारणं, सर्वपुण्यकारणं, सर्वदोषहरं, सर्वविघ्नविनाशकं, सर्ववैरभावशामकं, तीर्थभक्तिवर्धकं, सर्वगुणाकारं, महाप्रभावं, महापुण्यप्राप्यं गिरनारस्तवं सम्यग् गृह्णतां, जपतां, पठतां, अधीयतां, अवधारयतां, साध्नुवतां, गुणयतां, अभिस्तुवतां, श्रुण्वतां, स्मरतां, ध्यायतां, समनुप्रेक्षमाणानां "**पृथिव्यप्तेजोवायुवनस्पतिकायिकाः अपि कियद्दिनैः तीर्थस्पर्शनेन शिवं यातारो भवन्ति**" इति ज्ञात्वा भव्यजीवानां तीर्थानुरागो विशेषेण जायते ।

६. इतीमं पूर्वोक्तं नवालापकयुक्तं, अनन्तमहिमागर्भिताष्टोत्तरशतनामधेययुक्तं, अष्टमहासिद्धिप्रदं, सर्वपापनिवारणं, सर्वपुण्यकारणं, सर्वदोषहरं, सर्वविघ्नविनाशकं, सर्ववैरभावशामकं, तीर्थभक्तिवर्धकं, सर्वगुणाकारं, महाप्रभावं, महापुण्यप्राप्यं गिरनारस्तवं सम्यग् गृह्णतां, जपतां, पठतां, अधीयतां, अवधारयतां, साध्नुवतां, गुणयतां, अभिस्तुवतां, श्रुण्वतां, स्मरतां, ध्यायतां, समनुप्रेक्षमाणानां "**गिरनारगिरेः यात्रा सर्वपापदुःखसंसारवासात् मुक्तिदायिका भवति**" इति ज्ञात्वा भव्यजीवानां यात्रामनोरथाः स्फुरन्ति ।

७. इतीमं पूर्वोक्तं नवालापकयुक्तं, अनन्तमहिमागर्भिताष्टोत्तरशतनामधेययुक्तं, अष्टमहासिद्धिप्रदं, सर्वपापनिवारणं, सर्वपुण्यकारणं, सर्वदोषहरं, सर्वविघ्नविनाशकं, सर्ववैरभावशामकं, तीर्थभक्तिवर्धकं, सर्वगुणाकारं, महाप्रभावं, महापुण्यप्राप्यं गिरनारस्तवं सम्यग् गृह्णतां, जपतां, पठतां, अधीयतां, अवधारयतां, साध्नुवतां, गुणयतां, अभिस्तुवतां, श्रुण्वतां, स्मरतां, ध्यायतां, समनुप्रेक्षमाणानां "**अन्यत्रापि स्थितः प्राणी एनं गिरीश्वरं ध्यायन् आगामिनि चतुर्थे भवे निश्चयेन केवली भविष्यति**" इति बोधात् भव्यजीवानां ध्यानोत्साहोऽभिवर्धते ।

८. इतीमं पूर्वोक्तं नवालापकयुक्तं, अनन्तमहिमागर्भिताष्टोत्तरशतनामधेययुक्तं, अष्टमहासिद्धिप्रदं, सर्वपापनिवारणं, सर्वपुण्यकारणं, सर्वदोषहरं, सर्वविघ्नविनाशकं, सर्ववैरभावशामकं, तीर्थभक्तिवर्धकं, सर्वगुणाकारं, महाप्रभावं, महापुण्यप्राप्यं गिरनारस्तवं सम्यग् गृह्णतां, जपतां, पठतां, अधीयतां, अवधारयतां, साध्नुवतां, गुणयतां, अभिस्तुवतां, श्रुण्वतां, स्मरतां, ध्यायतां, समनुप्रेक्षमाणानां "**अस्य पवित्रभूधरस्य स्पर्शतः स्पर्शोपलेन हेमतामिव देही चिन्मयरुपतां प्राप्नोति**" इति ज्ञात्वा भव्यजीवानां स्वपापप्रक्षालनेच्छा उद्भवति ।

९.	इतीमं पूर्वोक्तं नवालापकयुक्तं, अनन्तमहिमागर्भिताष्टोत्तरशतनामधेययुक्तं, अष्टमहासिद्धिप्रदं, सर्वपापनिवारणं, सर्वपुण्यकारणं, सर्वदोषहरं, सर्वविघ्नविनाशकं, सर्ववैरभावशामकं, तीर्थभक्तिवर्धकं, सर्वगुणाकारं, महाप्रभावं, महापुण्यप्राप्यं गिरनारस्तवं सम्यग् गृह्णतां, जपतां, पठतां, अधीयतां, अवधारयतां, साध्नुवतां, गुणयतां, अभिस्तुवतां, श्रुण्वतां, स्मरतां, ध्यायतां, समनुप्रेक्षमाणानां "**सर्वपापाहर-गिरनारतीर्थस्य वन्दनेन शत्रुञ्जयगिरेः सदृशं फलं लभते**" इति ज्ञात्वा भव्यजीवानां वन्दनोल्लास आविर्भवति।

## प्रशस्ति

विजयन्तु तपोगच्छनभोमय आत्मारामेति-ख्यातनामानः न्यायाम्भोनिधिश्रीविजयानन्द-सूरीन्द्राः ।

जयन्तु गुरुपादरजोभूताचार्यशिरोमणयः श्रीकमलसूरीश्वराः ।

सकलागमरहस्यवेदिजिनोक्तचर्यारसिकेभ्यश्चारित्रगुणभूषितेभ्यः श्रीदानसूरिभ्यो नमः ।

सच्चारित्रचूडामणिभ्यः कर्मसाहित्यनिष्णातेभ्यः श्रीप्रेमसूरीश्वरेभ्यो नमः ।

सकलसङ्घहितचिन्तक न्यायविशारद-भुवनभानुसूरिपादानां साम्राज्यः जयन्तु ।

सिद्धान्तदिवाकरेभ्यो सुविशालगच्छाधिपेभ्यः श्रीजयघोषसूरिपादेभ्यो नमो नमः ।

सङ्घसमाधिदायक-प्रशान्तमूर्ति-वर्तमानगच्छाधिपति-श्रीराजेन्द्रसूरिभ्यो नमो नमः ।

प्रातः स्मरणीय-शासनप्रभावक-युगप्रधानाचार्यसम मरणोत्तरपदवीप्रापक-वीरचरणसमगुरुचरणसेवी पंन्यास श्रीचन्द्रशेखरविजयेभ्यो नमो नमः ।

तत्सरसीरुहरजेभ्यः श्रीगिरनारतीर्थोपदेशकेभ्यः पञ्चत्रिंशदधिकद्विशताधिकवर्धमानतप आलिका तपस्वी श्रीधर्मरक्षितसूरिभ्यो नमो नमः।

तत्पादपद्मभ्रमरेण श्रीगिरनारतीर्थोद्धारकेनाऽऽजीवनाचाम्लाभिग्रहधारिणा श्रीहेमवल्लभसूरिणा स्वजन्मदातृभूमौ, प्रभुवीरचरणपूते, मेरुतुङ्गाचार्य प्रबन्धचिन्तामण्याख्यशास्त्ररचनास्थले यत्र शोभन्ते पञ्च मनोहरजिनालयानि, यत्र विराजन्ते सम्प्रतिकालीनप्रतिमाः, तत्र वर्धमानपुरे नगरे,

वीरनिर्वाणात् २५४९ तमे वर्षे,
वैक्रमीय २०७९ तमे वर्षे भाद्रपदमासे
कृष्णपक्षे अमावासीदिने विरचितोऽयम् गिरनारस्तवः ।

# શ્રી ગિરનારસ્તવનો ફળાદેશ

૧. આ પ્રમાણે પૂર્વે કહેલા નવઆલાવાયુક્ત, અનંતમહિમાગર્ભિતએકસોઆઠનામવાળા, અષ્ટમહાસિદ્ધિને આપનારા, સર્વપાપનો નાશ કરનારા, સર્વપુણ્યના કારણસ્વરૂપ, સર્વદોષ હરનારા, સર્વવિઘ્નોનો વિનાશ કરનારા, સર્વવૈરભાવનું શમન કરનારા, તીર્થભક્તિમાં વૃદ્ધિ કરનારા, સર્વગુણોના ભંડાર, મહાપ્રભાવવાળા, મહાપુણ્યથી પ્રાપ્ત થયેલા એવા આ ગિરનારસ્તવને સારી રીતે ગ્રહણ કરવાથી, જાપ કરવાથી, પઠન કરવાથી, અધ્યયન કરવાથી, અવધારણ કરવાથી, સાધવાથી, ઘૂંટવાથી, અભિસ્તુતિ કરવાથી, સાંભળવાથી, સ્મરણ કરવાથી, ધ્યાન કરવાથી, સારી રીતે અનુપ્રેક્ષા કરવાથી **"ત્રણેય લોકમાં રહેલા સર્વતીર્થોમાં ગિરનારગિરિવર સમાન તીર્થ ત્રણેય જગત્માં કોઈ નથી"** એવું જાણીને ભવ્યાત્માઓના હૈયામાં ગિરનારતીર્થનો વાસ થઈ જાય છે.

૨. આ પ્રમાણે પૂર્વે કહેલા નવઆલાવાયુક્ત, અનંતમહિમાગર્ભિતએકસોઆઠનામવાળા, અષ્ટમહાસિદ્ધિને આપનારા, સર્વપાપનો નાશ કરનારા, સર્વપુણ્યના કારણસ્વરૂપ, સર્વદોષ હરનારા, સર્વવિઘ્નોનો વિનાશ કરનારા, સર્વવૈરભાવનું શમન કરનારા, તીર્થભક્તિમાં વૃદ્ધિ કરનારા, સર્વગુણોના ભંડાર, મહાપ્રભાવવાળા, મહાપુણ્યથી પ્રાપ્ત થયેલા એવા આ ગિરનારસ્તવને

સારી રીતે ગ્રહણ કરવાથી, જાપ કરવાથી, પઠન કરવાથી, અધ્યયન કરવાથી, અવધારણ કરવાથી, સાધવાથી, ઘૂંટવાથી, અભિસ્તુતિ કરવાથી, સાંભળવાથી, સ્મરણ કરવાથી, ધ્યાન કરવાથી, સારી રીતે અનુપ્રેક્ષા કરવાથી **"પૂજા, સ્નાન, દાન, તપ વગેરે દ્વારા આ ગિરનારતીર્થ ભવ્યજીવોના મોક્ષસુખનું કારણ બને છે"** એવું જાણીને ભવ્યાત્માઓને દાન-શીલ-તપ-ભાવ સ્વરૂપ ચતુર્વિધધર્મમાં આગળ વધવા પુરુષાર્થ કરવાની પ્રેરણા મળે છે.

૩. આ પ્રમાણે પૂર્વે કહેલા નવઆલાવાયુક્ત, અનંતમહિમાગર્ભિતએકસોઆઠનામવાળા, અષ્ટમહાસિદ્ધિને આપનારા, સર્વપાપનો નાશ કરનારા, સર્વપુણ્યના કારણસ્વરૂપ, સર્વદોષ હરનારા, સર્વવિઘ્નોનો વિનાશ કરનારા, સર્વવૈરભાવનું શમન કરનારા, તીર્થભક્તિમાં વૃદ્ધિ કરનારા, સર્વગુણોના ભંડાર, મહાપ્રભાવવાળા, મહાપુણ્યથી પ્રાપ્ત થયેલા એવા આ ગિરનારસ્તવને સારી રીતે ગ્રહણ કરવાથી, જાપ કરવાથી, પઠન કરવાથી, અધ્યયન કરવાથી, અવધારણ કરવાથી, સાધવાથી, ઘૂંટવાથી, અભિસ્તુતિ કરવાથી, સાંભળવાથી, સ્મરણ કરવાથી, ધ્યાન કરવાથી, સારી રીતે અનુપ્રેક્ષા કરવાથી **"બિલાડી - ઉંદર, સિંહ - હાથી, સાપ - મોર વગેરે પરસ્પર વેરભાવવાળા પ્રાણીઓના વેરભાવ પણ આ ગિરનારતીર્થમાં શાંત - પ્રશાન્ત થઈ જાય છે"** એવું જાણીને ભવ્યાત્માઓના હૈયામાં ઉપશમભાવ જાગૃત થાય છે.

૪. આ પ્રમાણે પૂર્વે કહેલા નવઆલાવાયુક્ત, અનંતમહિમાગર્ભિતએકસોઆઠનામવાળા, અષ્ટમહાસિદ્ધિને આપનારા, સર્વપાપનો નાશ કરનારા, સર્વપુણ્યના કારણસ્વરૂપ, સર્વદોષ હરનારા, સર્વવિઘ્નોનો વિનાશ કરનારા, સર્વવૈરભાવનું શમન કરનારા, તીર્થભક્તિમાં વૃદ્ધિ કરનારા, સર્વગુણોના ભંડાર, મહાપ્રભાવવાળા, મહાપુણ્યથી પ્રાપ્ત થયેલા એવા આ ગિરનારસ્તવને સારી રીતે ગ્રહણ કરવાથી, જાપ કરવાથી, પઠન કરવાથી, અધ્યયન કરવાથી, અવધારણ કરવાથી, સાધવાથી, ઘૂંટવાથી, અભિસ્તુતિ કરવાથી, સાંભળવાથી, સ્મરણ કરવાથી, ધ્યાન કરવાથી, સારી રીતે અનુપ્રેક્ષા કરવાથી **"ગિરનારગિરિના સાન્નિધ્યમાં વસતા એવા તિર્યંચો પણ આઠભવમાં સિદ્ધ થાય છે"** એવું જાણીને ભવ્યાત્માઓના હૈયામાં સંવેગરસ (વૈરાગ્યરસ) ઉત્પન્ન થાય છે.

૫. આ પ્રમાણે પૂર્વે કહેલા નવઆલાવાયુક્ત, અનંતમહિમાગર્ભિતએકસોઆઠનામવાળા, અષ્ટમહાસિદ્ધિને આપનારા, સર્વપાપનો નાશ કરનારા, સર્વપુણ્યના કારણસ્વરૂપ, સર્વદોષ હરનારા, સર્વવિઘ્નોનો વિનાશ કરનારા, સર્વવૈરભાવનું શમન કરનારા, તીર્થભક્તિમાં વૃદ્ધિ કરનારા, સર્વગુણોના ભંડાર, મહાપ્રભાવવાળા, મહાપુણ્યથી પ્રાપ્ત થયેલા એવા આ ગિરનારસ્તવને સારી રીતે ગ્રહણ કરવાથી, જાપ કરવાથી, પઠન કરવાથી, અધ્યયન કરવાથી, અવધારણ કરવાથી, સાધવાથી, ઘૂંટવાથી, અભિસ્તુતિ કરવાથી, સાંભળવાથી, સ્મરણ કરવાથી, ધ્યાન કરવાથી, સારી

રીતે અનુપ્રેક્ષા કરવાથી **"પૃથ્વીકાય, અપ્કાય, તેજસ્કાય, વાયુકાય અને વનસ્પતિકાય જેવા એકેન્દ્રિય જીવો પણ આ ગિરનાર મહાતીર્થના સ્પર્શના કારણે અલ્પકાળમાં મોક્ષમાં જનારા થાય છે"** એવું જાણીને ભવ્યાત્માઓને આ તીર્થ પ્રત્યે વિશેષ અનુરાગ થાય છે.

૬. આ પ્રમાણે પૂર્વે કહેલા નવઆલાવાયુક્ત, અનંતમહિમાગર્ભિતએકસોઆઠનામવાળા, અષ્ટમહાસિદ્ધિને આપનારા, સર્વપાપનો નાશ કરનારા, સર્વપુણ્યના કારણસ્વરૂપ, સર્વદોષ હરનારા, સર્વવિઘ્નોનો વિનાશ કરનારા, સર્વવૈરભાવનું શમન કરનારા, તીર્થભક્તિમાં વૃદ્ધિ કરનારા, સર્વગુણોના ભંડાર, મહાપ્રભાવવાળા, મહાપુણ્યથી પ્રાપ્ત થયેલા એવા આ ગિરનારસ્તવને સારી રીતે ગ્રહણ કરવાથી, જાપ કરવાથી, પઠન કરવાથી, અધ્યયન કરવાથી, અવધારણ કરવાથી, સાધવાથી, ઘૂંટવાથી, અભિસ્તુતિ કરવાથી, સાંભળવાથી, સ્મરણ કરવાથી, ધ્યાન કરવાથી, સારી રીતે અનુપ્રેક્ષા કરવાથી **"ગિરનારગિરિની યાત્રા સર્વ પાપ, સર્વ દુઃખ અને સંપૂર્ણ સંસારવાસથી મુક્તિ અપાવનારી થાય છે"** એવું જાણીને ભવ્યાત્માઓને આ ગિરનારતીર્થની વધુને વધુ યાત્રા કરવાના મનોરથો સ્ફુરે છે.

૭. આ પ્રમાણે પૂર્વે કહેલા નવઆલાવાયુક્ત, અનંતમહિમાગર્ભિતએકસોઆઠનામવાળા, અષ્ટમહાસિદ્ધિને આપનારા, સર્વપાપનો નાશ કરનારા, સર્વપુણ્યના કારણસ્વરૂપ, સર્વદોષ

હરનારા, સર્વવિઘ્નોનો વિનાશ કરનારા, સર્વવૈરભાવનું શમન કરનારા, તીર્થભક્તિમાં વૃદ્ધિ કરનારા, સર્વગુણોના ભંડાર, મહાપ્રભાવવાળા, મહાપુણ્યથી પ્રાપ્ત થયેલા એવા આ ગિરનારસ્તવને સારી રીતે ગ્રહણ કરવાથી, જાપ કરવાથી, પઠન કરવાથી, અધ્યયન કરવાથી, અવધારણ કરવાથી, સાધવાથી, ઘૂંટવાથી, અભિસ્તુતિ કરવાથી, સાંભળવાથી, સ્મરણ કરવાથી, ધ્યાન કરવાથી, સારી રીતે અનુપ્રેક્ષા કરવાથી **"ગિરનારથી દૂર અન્ય કોઈપણ સ્થાને રહેલો જીવ આ ગિરનારગિરિવરનું નિયમિત ધ્યાન ધરે તો આગામી ચાર ભવમાં નિશ્ચિત કેવલજ્ઞાનને પ્રાપ્ત કરશે"** એવું જાણીને ભવ્યાત્માઓને નિત્ય ગિરનાર ગિરિવરનું ધ્યાન કરવા માટે ઉત્સાહ વધે છે.

૮. આ પ્રમાણે પૂર્વે કહેલા નવઆલાવાયુક્ત, અનંતમહિમાગર્ભિતએકસોઆઠનામવાળા, અષ્ટમહાસિદ્ધિને આપનારા, સર્વપાપનો નાશ કરનારા, સર્વપુણ્યના કારણસ્વરૂપ, સર્વદોષ હરનારા, સર્વવિઘ્નોનો વિનાશ કરનારા, સર્વવૈરભાવનું શમન કરનારા, તીર્થભક્તિમાં વૃદ્ધિ કરનારા, સર્વગુણોના ભંડાર, મહાપ્રભાવવાળા, મહાપુણ્યથી પ્રાપ્ત થયેલા એવા આ ગિરનારસ્તવને સારી રીતે ગ્રહણ કરવાથી, જાપ કરવાથી, પઠન કરવાથી, અધ્યયન કરવાથી, અવધારણ કરવાથી, સાધવાથી, ઘૂંટવાથી, અભિસ્તુતિ કરવાથી, સાંભળવાથી, સ્મરણ કરવાથી, ધ્યાન કરવાથી, સારી રીતે અનુપ્રેક્ષા કરવાથી **"જેમ પારસમણિના સ્પર્શથી લોઢું સુવર્ણપણાને પામે છે તેમ આ પવિત્ર**

**ગિરનારની ભૂમિના સ્પર્શથી જીવ નિર્મળ આત્મસ્વરૂપને પામે છે''** એવું જાણીને ભવ્યાત્માઓને ગિરનાર મહાતીર્થની સ્પર્શના દ્વારા સ્વપાપના પ્રક્ષાલન સ્વરૂપ ભવઆલોચના કરવાના માધ્યમથી નિર્મળ આત્મસ્વરૂપને પામવાની ઈચ્છા થાય છે.

૯. આ પ્રમાણે પૂર્વે કહેલા નવઆલાવાયુક્ત, અનંતમહિમાગર્ભિતએકસોઆઠનામવાળા, અષ્ટમહાસિદ્ધિને આપનારા, સર્વપાપનો નાશ કરનારા, સર્વપુણ્યના કારણસ્વરૂપ, સર્વદોષ હરનારા, સર્વવિઘ્નોનો વિનાશ કરનારા, સર્વવૈરભાવનું શમન કરનારા, તીર્થભક્તિમાં વૃદ્ધિ કરનારા, સર્વગુણોના ભંડાર, મહાપ્રભાવવાળા, મહાપુણ્યથી પ્રાપ્ત થયેલા એવા આ ગિરનારસ્તવને સારી રીતે ગ્રહણ કરવાથી, જાપ કરવાથી, પઠન કરવાથી, અધ્યયન કરવાથી, અવધારણ કરવાથી, સાધવાથી, ઘૂંટવાથી, અભિસ્તુતિ કરવાથી, સાંભળવાથી, સ્મરણ કરવાથી, ધ્યાન કરવાથી, સારી રીતે અનુપ્રેક્ષા કરવાથી **''સર્વ પાપને હરનાર એવા ગિરનાર મહાતીર્થને વંદન કરવાથી, શત્રુંજયગિરિને વંદતા જે ફળની પ્રાપ્તિ થાય તેવા જ ફળની પ્રાપ્તિ થાય છે''** એવું જાણીને ભવ્યાત્માઓને આ ગિરનારતીર્થની વધુને વધુ ભક્તિ કરવાનો ઉલ્લાસ થાય છે.

**અરિહંત ભગવંત અને ગુરુની કૃપાથી, હેમવલ્લભસૂરિ વડે;**
**ભક્તિથી સંયુક્ત એવી, ગિરનારગિરિની સ્તવનાનું ગૂંથન થયું.**

# પ્રશસ્તિ

- તપાગચ્છના નીલગગનમાં "આત્મારામજી મહારાજ"ના નામે પ્રસિદ્ધિ પામેલા ન્યાયામ્ભોનિધિ પરમપૂજ્ય આચાર્ય શ્રીમદ્વિજયાનંદસૂરીશ્વરજી મહારાજા જય પામો !
- ગુરુચરણરજ બનેલ પરમપૂજ્ય આચાર્યશિરોમણિ શ્રીમદ્વિજયકમલસૂરીશ્વરજી મહારાજા જય પામો !
- સકલાગમરહસ્યવેદિ, જિનોક્તચર્યાપાલનરસિક, ચારિત્રગુણભૂષિત પરમપૂજ્ય આચાર્ય શ્રીમદ્વિજયદાનસૂરીશ્વરજી મહારાજાને નમસ્કાર થાઓ !
- સચ્ચારિત્રચૂડામણિ, કર્મસાહિત્યનિષ્ણાત પરમપૂજ્ય આચાર્ય શ્રીમદ્વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજાને નમસ્કાર થાઓ !
- સકલસંઘહિતચિંતક, ન્યાયવિશારદ પરમપૂજ્ય આચાર્ય શ્રીમદ્વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાનું સામ્રાજ્ય જય પામો !
- સિદ્ધાંતદિવાકર, સુવિશાલગચ્છાધિપતિ પરમપૂજ્ય આચાર્ય શ્રીમદ્વિજયજયઘોષસૂરીશ્વરજી મહારાજાને નમસ્કાર થાઓ !

- સંઘસમાધિદાયક, પ્રશાન્તમૂર્તિ, વર્તમાનગચ્છાધિપતિ પરમપૂજ્ય આચાર્ય શ્રીમદ્વિજયરાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજાને નમસ્કાર થાઓ !
- પ્રાતઃ સ્મરણીય, શાસનપ્રભાવક, મરણોત્તર યુગપ્રધાન આચાર્યસમપદપ્રાપક, વીરચરણસમ-ગુરુચરણસેવી પરમપૂજ્ય પંન્યાસ શ્રીચન્દ્રશેખર વિજયજી મહારાજાને નમસ્કાર થાઓ !
- તેઓશ્રીની ચરણકમલરજ, શ્રીગિરનારતીર્થોપદેશક, ૧૦૦ ₹ ૧૦૦ ₹ ૩૫ વર્ધમાન આયંબિલતપના તપસ્વી પરમપૂજ્ય આચાર્ય શ્રીમદ્વિજયધર્મરક્ષિતસૂરીશ્વરજી મહારાજાને નમસ્કાર થાઓ !
- તેઓશ્રીના પદકમલભ્રમર, શ્રી ગિરનાર તીર્થોદ્ધારક, આજીવન આયંબિલતપના અભિગ્રહધારી પરમપૂજ્ય આચાર્ય શ્રીમદ્વિજયહેમવલ્લભસૂરિજી દ્વારા પ્રભુવીરચરણથી પાવન થયેલ, મેરુતુંગાચાર્ય દ્વારા પ્રબન્ધચિંતામણી નામના ગ્રંથની રચના જે સ્થળે થયેલ છે, જ્યાં પાંચ-પાંચ મનોહર જિનાલયો શોભે છે, જ્યાં સમ્પ્રતિકાલીન પ્રતિમાજીઓ બિરાજમાન છે, તે સ્વજન્મભૂમિ વર્ધમાનપુર (વઢવાણ-સીટી) નગરે વીરપ્રભુના નિર્વાણના ૨૫૪૯મા વર્ષે, વિક્રમ સંવત ૨૦૭૯ના ચાતુર્માસ દરમ્યાન ભાદરવા માસની અમાસના દિવસે આ ગિરનારસ્તવની રચના થયેલ છે.

## (1) ॐ नमो महातीर्थाय  મહાતીર્થને નમસ્કાર થાઓ

१. कैलासगिरिवराय : ક્રોડો દેવી – દેવતાને માટે આત્મિક ક્રીડાનું ધામ બનનારા

२. उज्जयन्तगिरिवराय : સ્વઊર્જાથી અનંતા આત્માઓને મોહજય કરાવનારા

३. रैवतगिरिवराय : આધ્યાત્મિક ઐશ્વર્યને ધારણ કરનારા

४. स्वर्णगिरिवराय : માટીના કણ કણમાં સુવર્ણને ધારણ કરનારા

५. गिरनारगिरिवराय : અનંતા જિનોની દિવ્યવાણીને ધારણ કરનારા

६. नन्दभद्रगिरिवराय : આત્માને પરમ આનંદ આપી શ્રેષ્ઠ મંગલ કરનારા

७. पारसगिरिवराय : પારસમણિની જેમ સ્વસ્પર્શથી આત્માને પરમાત્મા બનાવનારા

८. योगेन्द्रगिरिवराय : મન – વચન – કાયાના યોગને જીતી યોગીઓમાં ઇન્દ્ર બનનારા

९. सनातनगिरिवराय : તીર્થંકરો પણ જેના ગુણગાન કરે છે તે શાશ્વત રહેનારા

१०. सुरभिगिरिवराय : ગજપદકુંડના સ્નાનથી દુર્ગંધા નારીના દેહને સુગંધી બનાવનારા

११. उदयगिरिवराय : અશુભ કર્મોના અંધકારને છેદી શુભ કર્મોનો ઉદય કરાવનારા

१२. तापसगिरिवराय : સ્વપ્રભાવથી અષ્ટકર્મનો ક્ષય કરી તાપસને શિવસુખ અપાવનારા

**श्री गिरनारगिरये स्वाहा ।**

**એવા શ્રી ગિરનારગિરિનો જય થાઓ !**

## (2) ॐ नमो महातीर्थाय    મહાતીર્થને નમસ્કાર થાઓ

१३. आलम्बनभूधराय : સિદ્ધિસદનના સોપાન ચઢવા આલંબન બનનારા

१४. परमभूधराय : સર્વગિરિવરોમાં પરમતાને પામનારા

१५. श्रीभूधराय : ભવિકજનોને શિવલક્ષ્મીનું દાન કરનારા

१६. सप्तशिखरभूधराय : સાતરાજની ઉપર સિદ્ધશિલાએ પહોંચાડનારા

१७. चैतन्यभूधराय : નામ સ્મરણ કરવા માત્રથી ચૈતન્યશક્તિનું પ્રાગટ્ય કરાવનારા

१८. अव्ययभूधराय : વંદન માત્રથી અશુભકર્મોનો વ્યય કરી શુદ્ધ સ્વરૂપ પમાડનારા

१९. ध्रुवभूधराय : અનાદિ – અનંતકાળ પર્યંત ભૂમિતલે નિશ્ચિતપણે રહેનારા

२०. परमोदयभूधराय : ઘેર બેઠાં પણ તેનું ધ્યાન ધરતાં આત્માતણો પરમ ઉદય પ્રગટાવનારા

२१. निस्तारभूधराय : ગજસુકુમાલ વગેરે અનંતા મુનિવરોને ભવનિસ્તાર કરાવનારા

२२. पापहरभूधराय : માતાપિતાના ઘાતક ભીમસેનના પાપ હરી મુક્તિપુરીએ પહોંચાડનારા

२३. कल्याणकभूधराय : અનંતા તીર્થંકરોને વ્રત – કેવલ – નિર્વાણ કલ્યાણકનું દાન દેનારા

२४. वैराग्यभूधराय : આત્મગુણના વૃક્ષનું સિંચન કરવા વૈરાગ્યરૂપી ઝરણું બનનારા

**श्री गिरनारगिरये स्वाहा ।**

**એવા શ્રી ગિરનારગિરિનો જય થાઓ !**

## (3) ॐ नमो महातीर्थाय   મહાતીર્થને નમસ્કાર થાઓ

२५. पुण्यदायकशैलाय : રિદ્ધિ–સિદ્ધિ અને સિદ્ધરાજ એવા કલ્પવૃક્ષ સમા પુણ્યના દાતાર

२६. सिद्धपदशैलाय : સેવા કરનારાને સિદ્ધપદ અર્પણ કરનારા

२७. द्रष्टिदायकशैलाय : મિથ્યાદષ્ટિરૂપી ઉન્માર્ગે ભમતાને સમ્યગ્દષ્ટિના દાતાર

२८. इन्द्रशैलाय : ઈન્દ્ર દ્વારા ભરાવેલ નેમિપ્રભુની પ્રતિમાને ધારણ કરનારા

२९. निरञ्जनशैलाय : સ્વયં અંજનવર્ણ ધારણ કરી સ્ફટિક સમ આતમને નિરંજન કરનારા

३०. विश्रामशैलाय : દાન–શીલ–તપ–ભાવધર્મ કરનારને ભવવિશ્રામ દેનારા

३१. पञ्चमशैलाय : સિદ્ધગિરિના પંચમ શિખરરૂપે આરાધનારને પંચમપદ દેનારા

३२. भवच्छेदकशैलाय : ભવનિર્વેદ પામી અનશન કરતાં મુનિવરોના ભવોનું છેદન કરનારા

३३. आश्रयशैलाय : દ્રવ્યભાવ શત્રુને હણી મનોવાંછિત પામવા આશ્રિત બનનારને આશ્રય દેનારા

३४. स्वर्गशैलाय : જન્મને પાવન કરવા દેવલોકથી અવતરણ કરતાં દેવો માટે સ્વર્ગભૂમિ બનનારા

३५. समत्वशैलाय : દર્શન, સ્પર્શન કરનારને કણ-કણમાં સમત્વગુણનો અહેસાસ કરાવનારા

३६. अमलशैलाय : નિજ ખોળે વાસ કરતાં ભવિલોકના ભવોભવના કર્મમલને ધોનારા

**श्री गिरनारगिरये स्वाहा ।**

**એવા શ્રી ગિરનારગિરિનો જય થાઓ !**

**(4) ॐ नमो महातीर्थाय   મહાતીર્થને નમસ્કાર થાઓ**

૩૭. ज्ञानोद्योतनगाय : ભવ્યજીવરૂપી કમળને ખીલવવા માટે જ્ઞાનરૂપી સૂર્ય સમાન

૩૮. गुणनिधिनगाय : અનંતાજિનના અકલ, અમલ આતમગુણોનો સંગ્રહ કરનારા

૩૯. स्वयंप्रभनगाय : અનાદિ અનંતકાળથી દોષ દહન કરી સ્વયંપ્રભા પ્રગટાવનારા

૪૦. अपूर्वनगाय : તે પાવનભૂમિને ભેટનારને અપૂર્વ ઉલ્લાસ દેનારા

૪૧. पूर्णानन्दनगाय : તેની સ્પર્શના – ધ્યાન કરનારાને પૂર્ણાનંદ દેનારા

૪૨. अनुपमनगाय : વાનરીમુખી રાજકુમારીને કરુણારૂપી ઝરણામાં નવડાવી અનુપમ રૂપ દેનારા

૪૩. प्रभञ्जननगाय : પાપોનું પ્રણાશન કરનારા

૪૪. प्रभवनगाय : નિજ પ્રભાવથી અનંતાજીવને શિવપદ દેનારા

૪૫. अक्षयनगाय : શીતલતા અને સમતાપાન દ્વારા આત્મસત્તા પ્રગટ કરી અક્ષયપદ દેનારા

૪૬. रत्ननगाय : નિકટભવિજીવને દિવ્યસહાયથી રત્નબલાહગુફામાં રત્નની પ્રતિમાનું દર્શન કરાવનારા

૪૭. प्रमोदनगाय : તેના દર્શન – સ્પર્શન થકી સહજ પ્રમોદને દેનારા

૪૮. प्रशान्तनगाय : કર્મોના ઝંઝાવાતવાળા વંટોળને પ્રકર્ષથી શાંત કરનારા

**श्री गिरनारगिरये स्वाहा ।**

**એવા શ્રી ગિરનારગિરિનો જય થાઓ !**

## (5) ॐ नमो महातीर्थाय મહાતીર્થને નમસ્કાર થાઓ

૪૯. पद्ममहीधराय : ગુણરૂપી સુવાસથી મઘમઘતા પદ્મની જેમ મુક્તિસુખની સુવાસ દેનારા

૫૦. सिद्धशेखरमहीधराय : અનંતા અરિહંત અને સિદ્ધોનું નિવાસ બનવાથી અન્યગિરિઓમાં શેખરતાને પામનારા

૫૧. चन्द्रमहीधराय : ચન્દ્ર જેવી શીતલતા આપી પાપના સંતાપને દૂર કરનારા

૫૨. सूर्यमहीधराय : સૂર્યની જેમ પ્રતાપ અને પ્રકાશથી દીપનારા

૫૩. इन्द्रपर्वतमहीधराय : દેવોમાં જેમ ઈન્દ્ર રાજા તરીકે શોભે તેમ પર્વતોની હારમાળામાં તીર્થરાજ તરીકે શોભનારા

૫૪. आत्मानन्दमहीधराय : અનાદિકાળની મિથ્યામતિ દૂર કરી નિર્મળ સુખ દ્વારા આત્માનંદનો અહેસાસ કરાવનારા

૫૫. आनन्दधरमहीधराय : આત્માનંદને પામવા દોડાદોડી કરતાં કરોડો મુનિવરોને આનંદ ધારણ કરાવનારા

૫૬. सुखदायीमहीधराय : ભવિજનોના દુઃખને ટાળી અનંત સુખશાતા દેનારા

૫૭. भव्यानन्दमहीधराय : શુભભાવથી અનશન કરનારા અનંતા જીવોને નિજ સ્વભાવનો ભવ્ય આનંદ દેનારા

૫૮. परमानन्दमहीधराय : દર્શન માત્રથી પરમપદ ભણી પ્રયાણ કરાવી પરમ આનંદ દેનારા

૫૯. इष्टसिद्धिमहीधराय : પુણ્યશાળી જીવોને દિવ્ય ઔષધિ, રસકૂંપિકા વગેરે ઈષ્ટ સિદ્ધિ દેનારા

૬૦. रामानन्दमहीधराय : સ્વસંગ થકી આતમરામને અસંગનો આનંદ દેનારા

**श्री गिरनारगिरये स्वाहा ।**

**એવા શ્રી ગિરનારગિરિનો જય થાઓ !**

## (6) ૐ नमो महातीर्थाय   મહાતીર્થને નમસ્કાર થાઓ

૬૧. भव्याकर्षणपर्वताय : અનંત તીર્થંકરોના કલ્યાણકોના કારણે ભવ્ય જીવોને આકર્ષણ કરનારા

૬૨. दुःखहरपर्वताय : અનેક રોગોથી પીડાતા ગોમેધ બ્રાહ્મણના દુઃખની જેમ અનેકના દુઃખ હરનારા

૬૩. शिवानन्दपर्वताय : ગિરિ ચઢતાં જીવને શિવગતિનો આનંદ દેનારા

૬૪. उज्जवलपर्वताय : જીવોના અજ્ઞાન તિમિરને દૂર કરી સમ્યગ્ જ્ઞાનની ઉજ્જવલપ્રભા પ્રસરાવનારા

૬૫. आनन्दपर्वताय : ક્લેશના લેશને પણ દૂર કરી આનંદના સંદોહને અર્પનારા

૬૬. तीर्थोत्तमपर्वताय : યાત્રા કરનારને સર્વ તીર્થયાત્રાનું ઉત્તમ ફળ દેનારા

૬૭. महेश्वरपर्वताय : અનંત કલ્યાણકોના મહા ઐશ્વર્યને ધરનારા

૬૮. रम्यपर्वताय : નિજ રમ્યતા થકી ક્રોડો દેવો – વિદ્યાધરોના મનને મોહનારા

૬૯. बोधिदायपर्वताय : સદા વરસતા પ્રભાવથી અંતરભૂમિમાં બોધિબીજનું વપન કરનારા

૭૦. महोद्योतपर्वताय : શ્યામલ ગિરિવર – નેમિવર નીરખતાં ભીતરમાં મહા ઉદ્યોત કરનારા

૭૧. अनुत्तरपर्वताय : અરિહંત ધ્યાન થકી અર્હમ્ પદ સાધનારને અનુત્તર સુખનો યોગ કરાવનાર

૭૨. प्रशमपर्वताय : નિજ સ્પર્શ થકી જીવને પ્રશમરસનું પાન કરાવનારા

**श्री गिरनारगिरये स्वाहा ।**

**એવા શ્રી ગિરનારગિરિનો જય થાઓ !**

## (7) ॐ नमो महातीर्थाय   મહાતીર્થને નમસ્કાર થાઓ

૭૩. मोहभञ्जकक्षमाधराय : સાન્નિધ્ય કરનારના મોહને ભાંગી સમકિતના દાન વડે શિવપદ દેનારા

૭૪. परमार्थक्षमाधराय : અનાદિકાળથી સ્વાર્થ ભાવમાં રમતાં જીવમાં પરમાર્થ ભાવ પ્રગટાવનારા

૭૫. शिवस्वरूपक्षमाधराय : મન – વચન – કાયાના ત્રિકરણ યોગને વશ કરનાર યોગીરૂપી ભમરાને શિવસ્વરૂપ રસનું પાન કરાવનારા

૭૬. ललितक्षमाधराय : ગિરિની હારમાળામાં શ્રેષ્ઠ લાલિત્ય ધારણ કરનારા

૭૭. अमृतक्षमाधराय : અમૃતસમ દર્શન થકી જીવને ભવ્યત્વની ભેટ દેનારા

૭૮. दुर्गतिवारणक्षमाधराय : આ ભવ – પરભવમાં ભક્તિ કરનારના દુઃખ, દારિદ્રય, દુર્ગતિ વગેરે દૂર કરનારા

૭૯. कर्मक्षायकक्षमाधराय : અનંતકાળથી જીવને વળગેલી કર્મ વિડંબનાનો ક્ષય કરનારા

૮૦. अजेयक्षमाधराय : નિજ આલંબને જીવને રાગદ્વેષ ઉપર જીત અપાવી અજેયપદ અપાવનારા

૮૧. सत्त्वदायकक्षमाधराय : રાજસિક અને તામસિક જીવોને સાત્ત્વિકતાનું દાન દેનારા

૮૨. विरतिक्षमाधराय : પવિત્ર અણુ – પરમાણુના પ્રભાવે જીવોમાં વિરતિના પરિણામ પ્રગટાવનારા

૮૩. व्रतक्षमाधराय : શાંબ – પ્રદ્યુમ્ન, કૃષ્ણની પટરાણી તથા યાદવો આદિને વ્રતનું વરદાન દેનારા

૮૪. संयमक्षमाधराय : નેમિપ્રભુ સહિત અનંતાજિન આદિને સંયમ ગ્રહણ કરાવનારા

**श्री गिरनारगिरये स्वाहा ।**

**એવા શ્રી ગિરનારગિરિનો જય થાઓ !**

## (8) ॐ नमो महातीर्थाय  મહાતીર્થને નમસ્કાર થાઓ

૮૫. सर्वज्ञगिरीश्वराय : મોહતિમિર દૂર ટાળી લોકાલોક પ્રકાશક સર્વજ્ઞતારૂપી ચૈતન્યશક્તિ પ્રગટાવનારા

૮૬. केवलगिरीश्वराय : એક એક પ્રદેશે કૈવલ્યનો પ્રકાશ ધરનારા

૮૭. ज्ञानगिरीश्वराय : મહાક્રૂર મોહસુભટને હણી જ્ઞાનરસનું પાન કરાવનારા

૮૮. निर्वाणगिरीश्वराय : અનંતા જિન સહિત અનંતા જીવને નિર્વાણપદે પહોંચાડનારા

૮૯. तारकगिरीश्वराय : નિજ સ્પર્શ થકી પૃથ્વીકાય – અપ્‌કાય આદિને પણ સાત – આઠ ભવમાં તારનારા

૯૦. शिवगिरीश्वराय : જે જે જીવડાં તેને ભેટવા આવ્યા તે સૌને શિવવધૂ સાથે મેળાપ કરાવનારા

૯૧. हंसगिरीश्वराय : હંસ જેવી શુદ્ધ અને નિર્મળ પરિણતિ પ્રગટાવનારા

૯૨. विवेकगिरीश्वराय : દેહ અને આત્માની ભિન્નતાનો વિવેક કરાવી અભિન્ન પરમસુખ દેનારા

૯૩. मुक्तिराजगिरीश्वराय : મુક્તિપુરીનું રાજ આપવા સર્વગિરિમાં મુગટ સમ શોભનારા

૯૪. मणिकान्तगिरीश्वराय : મણિ જેવી ઉજ્જવલ કાંતિથી દિન – રાત દીપનારા

૯૫. महायशगिरीश्वराय : **“અનંતાજિનના અનંતા કલ્યાણકોની પાવનભૂમિ”** રૂપી મહાન યશને પામનારા

૯૬. अव्याबाधगिरीश्वराय : તુજ આકારને પૂજનારા ત્રણ લોકના સુરાસુરોના સંસારના બંધનોને તોડી તેમને અવ્યાબાધ સુખ દેનારા

**श्री गिरनारगिरये स्वाहा ।**

**એવા શ્રી ગિરનારગિરિનો જય થાઓ !**

## (9) ॐ नमो महातीर्थाय  મહાતીર્થને નમસ્કાર થાઓ

૯૭. जगतारणगिरये : તેના શરણે આવેલા જગના જીવને સંસારસમુદ્રથી તારનારા

૯૮. विलासगिरये : ભવ્યજીવોની આત્મશક્તિના વિલાસને પ્રગટાવનારા

૯૯. अगम्यगिरये : કેવલી જાણે પણ સંપૂર્ણ કહી ન શકે તેવા અગમ્યગુણોના ધારણહારા

૧૦૦. सुगतिगिरये : નિજ ખોળામાં રહેલી વિશ્વની પ્રાચીનતમ પ્રતિમાના દર્શન કરનારાને સુગતિની પરંપરા આપનારા

१०१. वीतरागगिरये : ભક્તિરૂપી સમીર વડે કર્મરજ દૂર કરાવીને વીતરાગી બનાવનારા

१०२. चिन्तामणिगिरये : પાવનભૂમિને ભેટનારાને ક્રોડો ગુણરત્નોનું દાન દઈ ભાવચિંતામણિ બનનારા

१०३. अतुलगिरये : અનંતા કલ્યાણકો થકી અતુલનાત્મક ગિરિપદ પામનારા

१०४. महावैद्यगिरये : જન્મ, જરા અને મૃત્યુના દુઃખરૂપી ભવરોગને માટે મહાવૈદ્ય બનનારા

१०५. पावनगिरये : કર્મમલથી અપવિત્ર એવા ત્રસ-સ્થાવર જીવોને પાવન કરનારા

१०६. अचलगिरये : અનંતા તીર્થંકરોના કલ્યાણકના પરમાણુઓને અવિચલ સ્વરૂપે ધારનારા

१०७. लब्धिगिरये : અનંતા આત્માઓને અનંત લબ્ધિ દેનારા

१०८. सौभाग्यगिरये : શત્રુંજયના એકસોઆઠ શિખરોમાં શ્રેષ્ઠ શિખર હોવાનું સૌભાગ્યપણું પામનારા

**श्री गिरनारगिरये स्वाहा ।**

**એવા શ્રી ગિરનારગિરિનો જય થાઓ !**

# શ્રી ગિરનારસ્તવ: અભિષેક વિધાન

## અભિષેક પૂર્વે કરવાની તૈયારી :

**અભિષેક-૧ (સર્વૌષધિ) :**

- સર્વૌષધિનું ચૂર્ણ વહેલાસર જલમાં પલાળીને રાખવું, તેના ઘટ્ટ પ્રવાહી વડે પ્રતિમાજી ઉપર વિલેપન કરતાં હોય તેમ માર્જન કરવું.
- ૩ નવકાર ગણીને રક્ષાપોટલી અથવા મીંઢળ પ્રભુના જમણા હાથે બાંધવું તથા પ્રભુના મસ્તક ઉપર પુષ્પગુચ્છ મૂકવો.
- સર્વૌષધિજલ દ્વારા પ્રથમ અભિષેક પ્રથમવાર સ્તોત્ર બોલવા સાથે કરવો.

**અભિષેક-૨ (પંચામૃત) :**

- પંચામૃત પિત્તળની બાલદીમાં ભેગું કરીને રાખવું પછી તેના જ વડે અભિષેક બીજીવાર સ્તોત્ર બોલવા સાથે કરવો.

**અભિષેક-૩ (કેસરજલ) :**

- એક પિત્તળની બાલદીમાં જલ સાથે કેસર પલાળી દેવું પછી તે જલ વડે ત્રીજીવાર સ્તોત્ર બોલવા સાથે અભિષેક કરવો.

**અભિષેક-૪ :**

- એક પિત્તળની બાલદીમાં સોના—ચાંદીના વરખ પલાળીને તે જલ વડે ચોથીવાર સ્તોત્ર બોલવા સાથે અભિષેક કરવો.

**અભિષેક-૫ :**

- ગુલાબ, જુઈ, ડમરો, લીલીની ઝુડી, લાલ જાસૂદ, પીળા જાસૂદ, રજનીગંધા, કમળ વગેરે પુષ્પોને ભીના કરી તેના વડે પાંચમીવાર સ્તોત્ર બોલવા સાથે અભિષેક કરવો, પુષ્પવૃષ્ટિ કરવી.

## અભિષેક પહેલા પ્રાથમિક વિધાન :

★ **ભૂમિશુદ્ધિ :**

(૧) **સોનાવાણી :** નીચેના મંત્રથી ૭ વાર સુવર્ણજલ મંત્રિત કરી, અનુષ્ઠાનની સમસ્તભૂમિમાં પ્રદક્ષિણા ક્રમથી છાંટીને ભૂમિશુદ્ધિ કરવી.

**મંત્ર : ॐ ह्रीँ श्रीँ श्री जीराउली पार्श्वनाथ ! रक्षां कुरु कुरु स्वाहा ।**

(૨) **વાસચોખા :** એક થાળીમાં થોડા ચોખા લઈ નીચેના મંત્રથી ૩ વાર વાસક્ષેપ દ્વારા મંત્રિત કરીને સમસ્તભૂમિમાં પ્રદક્ષિણા ક્રમથી તે ચોખાનો પ્રક્ષેપ કરવો.

**મંત્ર : ॐ ह्रीँ श्रीँ अर्हँ भूर्भुवः स्वधा स्वाहा ।**

(૩) **મીંઢળ અભિમંત્રણ :** એક થાળીમાં મીંઢળ કે નાડાછડી લઈને નીચેના મંત્રથી ૭ વાર અભિમંત્રિત કરી વિધાન-પૂજનમાં ઉપયોગમાં લેવા.

**मंत्र : ॐ ह्रीँ अवतर अवतर सोमे सोमे कुरु कुरु वग्गु वग्गु निवग्गु निवग्गु सुमणे सोमणसे महु महुरे ॐ कविले कः क्षः स्वाहा ।**

(મંત્રિત કરેલા મીંઢળ કે નાડાછડી સ્નાત્રાદિ કરનારને હાથે બાંધવા.)

(૪) **તિલક મંત્ર :** સ્નાત્ર કરનારને તિલક કરવાનું કેશર નીચેના મંત્રથી ૭ વાર અભિમંત્રિત કરવું.

**मंत्र : ॐ ह्रीँ आँ क्रौँ अर्हते नमः ।**

(૫) **જલશુદ્ધિ :** નીચેના મંત્રથી ૩ વાર વાસક્ષેપ કરવાપૂર્વક અભિષેક જળને અભિમંત્રિત કરવું.

**मंत्र : ॐ आपोऽपकाया एकेन्द्रिया जीवा निरवद्यार्हतपूजायां निर्व्यथाः सन्तु, निष्पापाः सन्तु, सद्गतयः सन्तु, न मेऽस्तु संघट्टनहिंसापापमर्हदर्चने स्वाहा ।**

## ★ આત્મરક્ષા વિધિ :

ॐ परमेष्ठिनमस्कारं, सारं नवपदात्मकं ।

आत्मरक्षाकरं वज्र–पञ्जराभं स्मराम्यहम् ॥

ॐ नमो अरिहंताणं, शिरस्कं शिरसि स्थितं ।

ॐ नमो सव्वसिद्धाणं, मुखे मुखपटं वरं ॥

ॐ नमो आयरियाणं, अङ्गरक्षाऽतिशायिनी ।

ॐ नमो उवज्झायाणं, आयुधं हस्तयोर्द्रढम् ॥

ॐ नमो लोए सव्वसाहूणं, मोचके पादयोः शुभे ।

एसो पंच नमुक्कारो, शिला वज्रमयी तले ॥

सव्वपाप्पणासणो, वप्रो वज्रमयोबहिः ।

मंगलाणं च सव्वेसिं, खादिरङ्गारखातिका ॥

स्वाहान्तं च पदं ज्ञेयं, पढमं हवई मंगलं ।

वप्रोपरि वज्रमयं, पिधानं देहरक्षणे ॥

महाप्रभावा - रक्षेयं क्षुद्रोपद्रव-नाशिनी ।

परमेष्ठि-पदोद्भुता, कथिता पूर्वसूरिभिः ॥

यश्चैवं कुरुते रक्षां, परमेष्ठिपदैः सदा ।

तस्य न स्याद् भयं, व्याधि राधिश्चापि कदाचन ॥

# અભિષેક પહેલો : ( सर्वौषधिजल )

**(A)** **મંગલસ્તુતિ**

मन्त्रं संसारसारं, त्रिजगनुपमं, सर्वपापारिमंत्रम् ।
संसारोच्छेदमन्त्रं, विषमविषहरं, कर्मनिर्मूलमन्त्रम् ।
मन्त्रं सिद्धिप्रदानं, शिखसुखजननं, केवलज्ञानमन्त्रम् ।
मन्त्रं श्रीजैनमन्त्रम्, जप-जप-जपितं, जन्मनिर्वाणमन्त्रम् ॥

(૨) ગત ચોવીસીમાં જે ભૂમિએ, સિદ્ધિવધૂજિનદસ વર્યા,
ને આવતી ચોવીસી માંહે, સૌ જિનો શાસ્ત્રે કહ્યાં;
એ ગિરનારના ગુણઘણા પણ, અંશથી શબ્દે વર્ણ્યા,
એ ગિરનારને વંદતા, પાપો બધાં દૂરે જતાં.

(૩) આ તીર્થ પર જે ભાવથી, અલ્પધર્મ પણ કરે,
આ લોકથી પરલોક વળી, તે પરમલોકને જઈ વરે;
જે તીર્થની સેવા થકી, ફેરા ભવોભવના ટળે,
એ ગિરનારને વંદતા, પાપો બધાં દૂરે જતાં.

नमोर्हत्सिद्धाचार्योपाध्यायसर्वसाधुभ्यः ।

**(B)** **દુહો :** विमलकेवलभासनभास्करं, जगतिजन्तुमहोदयकारणम् ।
जिनवरं(गिरिवरं) बहुमानजलौघतः शुचिमनाः स्नपयामि विशुद्धये ।

દુહો : જલપૂજા જુગતે કરો, મેલ અનાદિ વિનાશ,
જલપૂજા ફલ મુજ હોજો, માંગુ એમ પ્રભુ પાસ.

**(C)** **મંત્ર : ॐ ह्रीँ परमपुरुषाय परमेश्वराय जन्मजरामृत्युनिवारणाय**
**श्री गिरनारमहातीर्थाय सर्वौषधिजलं यजामहे स्वाहा ।**

૨૭ ડંકા વગાડી, પ્રથમ એક નવકાર બોલીને સંગીત સાથે ગિરનાર સ્તવનો પાઠ શરૂ કરવો અને સાથે સાથે તેનું શ્રવણ કરતાં કરતાં અભિષેક શરૂ કરવો.

અભિષેક સમયે પ્રભુજીને બે બાજુ ચામર ઢાળવા તથા ધૂપ-દીપ-ફળ-નૈવેદ્યનો થાળ લઈને ઊભા રહેવું.

અભિષેક પૂર્વે અને અભિષેક સમયે ઘંટનાદ, શંખનાદ અને વાજિંત્રોના નાદ સાથે અભિષેકના અનુષ્ઠાનમાં ભાવવિભોર બની આનંદથી નાચી ઉઠવું.

પછી ગિરનાર સ્તવનો પાઠ પૂર્ણ થયા પછી.

**(D) સમર્પણ મંત્ર બોલવો :**

**ॐ ह्रीँ महातीर्थं अनन्तमहिमामयाय, अनन्तव्रतकेवलनिर्वाणकल्याणकयुताय, त्रिलोकवर्तीसुरासुरनरसम्पूजिताय, श्री गोमेधयक्ष-अम्बिकापरिपूजिताय श्री गिरनारगिरिवरमहातीर्थाय, सर्वौषधिजलेन स्नापयामीति स्वाहा ॥**

(૨૭ ડંકા - શંખનાદ વગેરે)

આ અભિષેક કરીને ધૂપ-દીપ કરવા પછી ફળ-નૈવેદ્યનો થાળ પધરાવવો.

દેવાધિદેવાય દેવાધિદેવાય (૩ વાર)

कैलासगिरये नमोनमः, उज्जयन्तगिरये नमोनमः

रैवतगिरये नमोनमः વંદન હો ગિરનારને

स्वर्णगिरये नमोनमः गिरनारगिरये नमोनमः

नन्दभद्रगिरये नमोनमः વંદન હો ગિરનારને

જય જય ગરવો ગિરનાર – જય જય ગરવો ગિરનાર

(ગિરનાર - નેમિનાથ ભક્તિગીતો ગાવા.)

# અભિષેક બીજો : (પંચામૃત)

**(A)** પૂર્વ મુજબ મંગલસ્તુતિ વગેરે બધું પહેલા અભિષેક મુજબ કરવું. તેમાં દુહા અને મંત્ર નીચે મુજબના લેવા.

**(B)** દુહા : विमलकेवलभास्करं, जगतिजन्तुमहोदयकारणम् ।
जिनवरं(गिरिवरं) बहुमानजलौघतः, शुचिमनाः स्नपयामि विशुद्धये ॥
जिनबिम्बोपरि(गिरिवरोपरि)निपतत्, घृतदधिदुग्धादिद्रव्यपरिपूतम् ।
दर्भोदकसन्मिश्रं, पञ्चगव्यं हरतु दुरितानि ॥

वरपुष्पचन्दनैश्च, मधुरैः कृतनिःस्वनैः ।
दधिदुग्धघृतमिश्रैः, स्नापयामि जिनेश्वरम् (गिरीश्वरम्) ॥

**(C)** મંત્ર : **ॐ ह्रीँ श्रीँ परमपुरुषाय परमेश्वराय जन्मजरामृत्युनिवारणाय श्री गिरनारमहातीर्थाय पञ्चामृतं यजामहे स्वाहा ॥**

**(D)** **સમર્પણ મંત્ર :**

**ॐ ह्रीँ महातीर्थं अनन्तमहिमामयाय, अनन्तव्रतकेवलनिर्वाणकल्याणकयुताय, त्रिलोकवर्तीसुरासुरनरसम्पूजिताय, श्री गोमेधयक्ष-अम्बिकापरिपूजिताय, श्री गिरनारगिरिवरमहातीर्थाय पञ्चामृतेन स्नापयामीति स्वाहा ॥**

## અભિષેક ત્રીજો : (કેસરજલ)

**(A)** પૂર્વ મુજબ મંગલસ્તુતિ વગેરે બધું પહેલા અભિષેક મુજબ કરવું. તેમાં દુહા અને મંત્ર નીચે મુજબના લેવા.

**(B)** **દુહા :** विमलकेवलभासनभास्करं, जगतिजन्तुमहोदयकारणम् ।

जिनवरं(गिरिवरं) बहुमानजलौघतः, शुचिमनाः स्नपयामि विशुद्धये ॥

काश्मीरजसुविलिप्तं, बिम्बं (तीर्थं) तच्छिरसि धारयाभिनवम् ।

सन्मन्त्रयुक्त्याशुचि, जैनं स्नपयामि सिद्ध्यर्थम् ॥

(C) મંત્ર : ॐ ह्रीँ श्रीँ परमपुरुषाय परमेश्वराय जन्मजरामृत्युनिवारणाय

श्री गिरनारमहातीर्थाय केशरजलं यजामहे स्वाहा ॥

(D) સમર્પણ મંત્ર :

ॐ ह्रीँ महातीर्थं अनन्तमहिमामयाय, अनन्तव्रतकेवलनिर्वाणकल्याणकयुताय,

त्रिलोकवर्तीसुरासुरनरसम्पूजिताय, श्री गोमेधयक्ष–अम्बिकापरिपूजिताय,

श्री गिरनारगिरिवरमहातीर्थाय केशरजलेन स्नापयामीति स्वाहा ॥

## અભિષેક ચોથો : (સોના–રૂપાનાવરખ મિશ્રિતજલ)

(A) પૂર્વ મુજબ મંગલસ્તુતિ વગેરે બધું પહેલા અભિષેક મુજબ કરવું. તેમાં દુહા અને મંત્ર નીચે મુજબના લેવા.

(B) દુહા : विमलकेवलभास्करं, जगतिजन्तुमहोदयकारणम् ।

जिनवरं(गिरिवरं) बहुमानजलौघतः, शुचिमनाः स्नपयामि विशुद्धये ॥

सुवर्णद्रव्यसम्पूर्णं, चूर्णं कुर्यात्सुनिर्मलम् ।

ततः प्रक्षालनं चाभिः, पुष्पचन्दनसंयुतैः ॥

(C) મંત્ર : **ॐ ह्रीँ श्रीँ परमपुरुषाय परमेश्वराय जन्मजरामृत्युनिवारणाय श्री गिरनारमहातीर्थाय सुवर्ण-रुप्यजलं यजामहे स्वाहा ॥**

(D) સમર્પણ મંત્ર :

**ॐ ह्रीँ महातीर्थं अनन्तमहिमामयाय, अनन्तव्रतकेवलनिर्वाणकल्याणकयुताय, त्रिलोकवर्तीसुरासुरनरसम्पूजिताय, श्री गोमेधयक्ष-अम्बिकापरिपूजिताय, श्री गिरनारगिरिवरमहातीर्थाय सुवर्ण-रुप्यजलेन स्नापयामीति स्वाहा ॥**

# અભિષેક પાંચમો : (પુષ્પવૃષ્ટિ)

**(A)** પૂર્વ મુજબ મંગલસ્તુતિ વગેરે બધું પહેલા અભિષેક મુજબ કરવું. તેમાં દુહા અને મંત્ર નીચે મુજબના લેવા.

**(B)** **દુહા :** विमलकेवलभासनभास्करं, जगतिजन्तुमहोदयकारणम् ।
जिनवरं(गिरिवरं) बहुमानजलौघतः, शुचिमनाः स्नपयामि विशुद्धये ॥

– अधिवसितं सुमन्त्रैः, सुमनः कञ्जलकराजितं तोयम् ।
तीर्थजलादिसुपृक्तं, कलशान्मुक्तं पततु बिम्बे(तीर्थे) ॥

– सुगन्धपरिपुष्पौघै–स्तीर्थोदकेन संयुतः ।
भावनाभव्यसन्दोहैः, स्नापयामि जिनेश्वरम् (गिरीश्वरम्) ॥

– મૂકે કુસુમાંજલિ સુરા, વીર ચરણ સુકુમાલ;
તે કુસુમાંજલિ ભવિકના, પાપ હરે ત્રણકાલ.

(C) મંત્ર : ॐ ह्रीँ श्रीँ परमपुरुषाय परमेश्वराय जन्मजरामृत्युनिवारणाय

श्री गिरनारमहातीर्थाय पुष्पौघसंयुतजलं यजामहे स्वाहा ॥

(D) સમર્પણ મંત્ર :

ॐ ह्रीँ महातीर्थं अनन्तमहिमामयाय, अनन्तव्रतकेवलनिर्वाणकल्याणकयुताय,

त्रिलोकवर्तीसुरासुरनरसम्पूजिताय, श्री गोमेधयक्ष-अम्बिकापरिपूजिताय,

श्री गिरनारगिरिवरमहातीर्थाय पुष्पौघसंयुतजलेन स्नापयामीति स्वाहा ॥

ધૂપ – દીપક – અક્ષત – ફળ – નૈવેદ્ય પૂજા કરવી. ત્યારબાદ નીચે મુજબના આરતી – મંગળ દીવો ગિરનારની આરાધના માટે ૯ ખમાસમણા તથા ૯ લોગસ્સનો કાઉસગ્ગ કરીને શાંતિકળશ કરવો.

# ગિરનારના આરતી - મંગળ દીવો

## ગિરનાર - નેમિનાથજીની આરતી

ગિરનારજીની આરતીનો
વીડિયો જોવા માટે
QR Code સ્કેન કરો.

૧. જય જય આરતી નેમિજિણંદા,
સમુદ્રવિજય શિવાદેવીકો નંદા...

૨. પહેલી આરતી ભાવથી કીજે,
ગિરનાર ભેટીને પુણ્ય લહીજે...

૩. દૂસરી આરતી જિનો અનંતા,
દીક્ષા-કેવલ-શિવસુખ ધરંતા...

૪. તીસરી આરતી નેમિજિણંદા,
સહસાવને વ્રત-નાણ વરંતા...

૫. ચોથી આરતી ભવપાર થાવે,
પાંચમી ટૂંકે પરમ પદ પાવે...

૬. પંચમી આરતી ચિંતામણિ પાયા,
ગિરનાર નેમિગુણ હેમને ગાયા...

# ગિરનાર - નેમિનાથજીનો મંગલદીવો

ગિરનારજીના મંગલદીવાનો
વીડિયો જોવા માટે
QR Code સ્કેન કરો.

૧. દીવો રે દીવો રે, પ્રભુ મંગલિક દીવો રે;
આરતી ઉતારણ રે ગઢ ગિરનારની રે... દીવો રે...

૨. સોહામણો એ, ગઢ ગિરનાર;
ભવિજનનોએ, તારણહાર... દીવો રે...

૩. નિત્ય ધ્યાવે તસ, ભવ અજવાળે;
ભવચોથે એ, શિવપુર નિહાળે.... દીવો રે...

૪. સુરનરદેવા, કરે ગિરિ સેવા;
આરતી ઉતારી, પામે શિવસુખ મેવા... દીવો રે...

૫. આ ભવ મંગલિક, પરભવ મંગલિક,
મંગલિક ભવોભવ, સૌનું હોજો દીવો રે...

# શ્રી ગિરનાર મહાતીર્થના ખમાસમણાના દુહા

૧. રૈવતગિરિ સમરૂં સદા, સોરઠ દેશ મોઝાર;
માનવભવ પામી કરી, ધ્યાવું વારંવાર

૨. સોરઠ દેશમાં સંચર્યો, ન ચઢ્યો ગઢ ગિરનાર;
સહસાવન ફરશ્યો નહીં, એનો એળે ગયો અવતાર ....

૩. દીક્ષા કેવલ સહસાવને, પંચમે ગઢ નિર્વાણ;
પાવનભૂમિને ફરશતાં, જનમ સફળ થયો જાણ ....

૪. જગમાં તીરથ દો વડા, શત્રુંજય ગિરનાર;
એક ગઢ ઋષભ સમોસર્યા, એક ગઢ નેમકુમાર ....

૫. કૈલાસ ગિરિવરે શિવવર્યા, તીર્થંકરો અનંત;
આગે અનંતા પામશે, તીરથકલ્પ વદંત ....

૬. ગજપદ કુંડે નાહીને, મુખ બાંધી મુખકોશ;
દેવ નેમિજિન પૂજતાં, નાશે સઘળા દોષ ....

ગિરનારજીના ખમાસમણાના દુહાનો વીડિયો જોવા માટે QR Code સ્કેન કરો.

૭. એકેકું પગલું ચઢે, સ્વર્ણગિરિનું જેહ;
હેમ વદે ભવોભવતણાં, પાતિક થાયે છેહ ....

૮. ઉજ્જયંત ગિરિવર મંડણો, શિવાદેવીનો નંદ;
યદુકુળવંશ ઉજાળીયો, નમો નમો નેમિજિણંદ ....

૯. આધિ વ્યાધિ ઉપાધિ સૌ, જાયે તત્કાળ દૂર;
ભાવથી નંદભદ્ર વંદતા, પામે શિવસુખ નૂર ....

અવસર્પિણીના છ આરામાં આ તીર્થના અનુક્રમે ૬ નામ : (૧) કૈલાસગિરિ (૨) ઉજ્જયંતગિરિ (૩) રૈવતગિરિ (૪) સ્વર્ણગિરિ (૫) ગિરનારગિરિ (૬) નંદભદ્રગિરિ.

એક ખમાસમણ આપીને શ્રી રૈવતગિરિ મહાતીર્થ આરાધનાર્થં કાઉસ્સગ્ગ કરૂં ? ઈચ્છં રૈવતગિરિ મહાતીર્થ આરાધનાર્થં કરેમિ કાઉસ્સગ્ગં, વંદણવત્તિયાએ, પૂઅણવત્તિઆએ, સક્કારવત્તિઆએ, સમ્માણવત્તિઆએ, બોહિલાભવત્તિઆએ, નિરૂવસગ્ગવત્તિઆએ, સદ્ધાએ, મેહાએ, ધીઈએ, ધારણાએ, અણુપ્પેહાએ, વઢ્ઢમાણીએ, ઠામિ કાઉસ્સગ્ગં અન્નત્થ ઊસસિએણં, નીસસિએણં,

ખાસિએણં, છીએણં, જંભાઈએણં, ઉડ્ડુએણં, વાયનિસગ્ગેણં, ભમલીએ, પિત્તમુચ્છાએ, સુહુમેહિં અંગસંચાલેહિં, સુહુમેહિં ખેલસંચાલેહિં, સુહુમેહિં દિટ્ઠિસંચાલેહિં. ૨. એવમાઈએહિં આગારેહિં, અભગ્ગો અવિરાહિઓ, હુજ્જ મે કાઉસ્સગ્ગો જાવ અરિહંતાણં ભગવંતાણં નમુક્કારેણં ન પારેમિ, તાવ કાયં, ઠાણેણં, મોણેણં, ઝાણેણં અપ્પાણં વોસિરામિ.

(૯ લોગસ્સનો કાઉસ્સગ્ગ ન આવડે તો ૩૬ નવકારનો કાઉસ્સગ્ગ કરી નમો અરિહંતાણં... બોલી)

લોગસ્સ ઉજ્જોઅગરે, ધમ્મતિત્થયરે જિણે; અરિહંતે કિત્તઈસ્સં, ચઉવિસંપિ કેવલિ (૧) ઉસભમજિઅં ચ વંદે, સંભવમભિણંદણં ચ સુમઈ ચ; પઉમપ્પહં સુપાસં, જિણં ચ ચંદપ્પહં વંદે (૨) સુવિહિં ચ પુપ્ફદંતં, સીઅલ સિજ્જંસ વાસુપૂજ્જં ચ; વિમલમણંતં ચ જિણં, ધમ્મં સંતિં ચ વંદામિ (૩) કુંથું અરં ચ મલ્લિં, વંદે મુણિસુવ્વયં નમિજિણં ચ; વંદામિ રિટ્ઠનેમિં, પાસં તહ વદ્ધમાણં ચ (૪) એવં, મએ અભિથુઆ, વિહુય રયમલા પહીણજરમરણા; ચઉવિસંપિ જિણવરા, તિથ્થયરા મે પસીયંતુ (૫) કિત્તિય-વંદિય મહિયા, જે એ લોગસ્સ ઉત્તમા સિદ્ધા; આરુગ્ગબોહિલાભં, સમાહિવરમુત્તમં દિંતુ, (૬) ચંદેસુનિમ્મલયરા, આઈચ્ચેસુઅહિયં પયાસરા, સાગરવરગંભીરા, સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ. (ખમાસમણું આપી, અવિધિ આશાતના મિચ્છામિ દુક્કડં કહેવું)

# શ્રી ગિરનારજી મહાતીર્થનાં મહાકલ્યાણકારી ૧૦૮ નામ

**(નિત્ય ગિરનારના ૧૦૮ નામોને નમસ્કાર કરવાથી લખલૂટ કર્મોનો ક્ષય થાય છે.)**

1. કૈલાસગિરયે નમો નમઃ
2. ઉજ્જયંતગિરયે નમો નમઃ
3. રૈવતગિરયે નમો નમઃ
4. સ્વર્ણગિરયે નમો નમઃ
5. ગિરનારગિરયે નમો નમઃ
6. નંદભદ્રગિરયે નમો નમઃ
7. પારસગિરયે નમો નમઃ
8. યોગેન્દ્રગિરયે નમો નમઃ
9. સનાતનગિરયે નમો નમઃ
10. સુરભિગિરયે નમો નમઃ
11. ઉદયગિરયે નમો નમઃ
12. તાપસગિરયે નમો નમઃ
13. આલંબનગિરયે નમો નમઃ
14. પરમગિરયે નમો નમઃ
15. શ્રીગિરયે નમો નમઃ
16. સપ્તશિખરગિરયે નમો નમઃ
17. ચૈતન્યગિરયે નમો નમઃ
18. અવ્યયગિરયે નમો નમઃ
19. ધ્રુવગિરયે નમો નમઃ
20. પરમોદયગિરયે નમો નમઃ
21. નિસ્તારગિરયે નમો નમઃ
22. પાપહરગિરયે નમો નમઃ
23. કલ્યાણકગિરયે નમો નમઃ
24. વૈરાગ્યગિરયે નમો નમઃ

**શ્રી ગિરનારજી મહાતીર્થનાં મહાકલ્યાણકારી ૧૦૮ નામનો ઓડિયો / વીડિયો જોવા માટે QR Code સ્કેન કરો.**

25. પુણ્યદાયકગિરયે નમો નમઃ
26. સિદ્ધપદગિરયે નમો નમઃ
27. દૃષ્ટિદાયકગિરયે નમો નમઃ
28. ઈન્દ્રગિરયે નમો નમઃ
29. નિરંજનગિરયે નમો નમઃ
30. વિશ્રામગિરયે નમો નમઃ
31. પંચમગિરયે નમો નમઃ
32. ભવચ્છેદકગિરયે નમો નમઃ
33. આશ્રયગિરયે નમો નમઃ
34. સ્વર્ગગિરયે નમો નમઃ
35. સમત્વગિરયે નમો નમઃ
36. અમલગિરયે નમો નમઃ
37. જ્ઞાનોદ્યોતગિરયે નમો નમઃ
38. ગુણનિધિગિરયે નમો નમઃ
39. સ્વયંપ્રભગિરયે નમો નમઃ
40. અપૂર્વગિરયે નમો નમઃ
41. પૂર્ણાનંદગિરયે નમો નમઃ
42. અનુપમગિરયે નમો નમઃ
43. પ્રભંજનગિરયે નમો નમઃ
44. પ્રભવગિરયે નમો નમઃ
45. અક્ષયગિરયે નમો નમઃ
46. રત્નગિરયે નમો નમઃ
47. પ્રમોદગિરયે નમો નમઃ
48. પ્રશાંતગિરયે નમો નમઃ
49. પદ્મગિરયે નમો નમઃ
50. સિદ્ધશેખરગિરયે નમો નમઃ
51. ચંદ્રગિરયે નમો નમઃ
52. સૂર્યગિરયે નમો નમઃ
53. ઈન્દ્રપર્વતગિરયે નમો નમઃ
54. આત્માનંદગિરયે નમો નમઃ

55. આનંદધરગિરયે નમો નમઃ
56. સુખદાયીગિરયે નમો નમઃ
57. ભવ્યાનંદગિરયે નમો નમઃ
58. પરમાનંદગિરયે નમો નમઃ
59. ઈષ્ટસિદ્ધિગિરયે નમો નમઃ
60. રામાનંદગિરયે નમો નમઃ
61. ભવ્યાકર્ષણગિરયે નમો નમઃ
62. દુઃખહરગિરયે નમો નમઃ
63. શિવાનંદગિરયે નમો નમઃ
64. ઉજ્વલગિરયે નમો નમઃ
65. આનંદગિરયે નમો નમઃ
66. તીર્થોત્તમગિરયે નમો નમઃ
67. મહેશ્વરગિરયે નમો નમઃ
68. રમ્યગિરયે નમો નમઃ
69. બોધિદાયકગિરયે નમો નમઃ
70. મહોદ્યોતગિરયે નમો નમઃ
71. અનુત્તરગિરયે નમો નમઃ
72. પ્રશમગિરયે નમો નમઃ
73. મોહભંજકગિરયે નમો નમઃ
74. પરમાર્થગિરયે નમો નમઃ
75. શિવસ્વરૂપગિરયે નમો નમઃ
76. લલિતગિરયે નમો નમઃ
77. અમૃતગિરયે નમો નમઃ
78. દુર્ગતિવારણગિરયે નમો નમઃ
79. કર્મક્ષાયકગિરયે નમો નમઃ
80. અજેયગિરયે નમો નમઃ
81. સત્ત્વદાયકગિરયે નમો નમઃ
82. વિરતિગિરયે નમો નમઃ
83. વ્રતગિરયે નમો નમઃ
84. સંયમગિરયે નમો નમઃ

85. સર્વજ્ઞગિરયે નમો નમઃ
86. કેવલગિરયે નમો નમઃ
87. જ્ઞાનગિરયે નમો નમઃ
88. નિર્વાણગિરયે નમો નમઃ
89. તારકગિરયે નમો નમઃ
90. શિવગિરયે નમો નમઃ
91. હંસગિરયે નમો નમઃ
92. વિવેકગિરયે નમો નમઃ
93. મુક્તિરાજગિરયે નમો નમઃ
94. મણિકાન્તગિરયે નમો નમઃ
95. મહાયશગિરયે નમો નમઃ
96. અવ્યાબાધગિરયે નમો નમઃ
97. જગતારકગિરયે નમો નમઃ
98. વિલાસગિરયે નમો નમઃ
99. અગમ્યગિરયે નમો નમઃ
100. સુગતિગિરયે નમો નમઃ
101. વીતરાગગિરયે નમો નમઃ
102. ચિંતામણિગિરયે નમો નમઃ
103. અતુલગિરયે નમો નમઃ
104. મહાવૈદ્યગિરયે નમો નમઃ
105. પાવનગિરયે નમો નમઃ
106. અચલગિરયે નમો નમઃ
107. લબ્ધિગિરયે નમો નમઃ
108. સૌભાગ્યગિરયે નમો નમઃ
(ગુણવંતગિરયે નમો નમઃ)

શ્રી ગિરનારજી મહાતીર્થના શાસ્ત્રાધારે ૭ આરાના ૭ નામો જોવામાં આવે છે, પરંતુ તીર્થભક્તિ માટે તેના વિવિધ ગુણાનુસાર આ ૧૦૮ નામોની રચના કરવામાં આવી છે.


શ્રી ગિરનાર મહાતીર્થ

# ગિરનારનો મહિમા ન્યારો... એનો ગાતાં નાવે આરો...

दीक्षाकेवलं निवृत्ति कल्याणत्रिकमनंततीर्थकृतां ।
युगपदथैकमभवन्, स जयति गिरनारगिरिराजः ॥
(શ્રી ગિરનાર મહાતીર્થકલ્પ - શ્લોક-૪)

જ્યાં અનંતા તીર્થંકર ભગવંતોના દીક્ષા, કેવળજ્ઞાન અને મોક્ષ એમ ત્રણ કલ્યાણકો એક સાથે થયા છે અને બીજા અનંતાનું મોક્ષકલ્યાણક થયું છે, તે ગિરનાર ગિરિરાજ જય પામે છે.

नित्यानित्य स्थावरजंगमतीर्थाधिकं जगत् त्रितये ।
पर्वसु ससुरेन्द्रार्च्यः, स जयति गिरनारगिरिराजः ॥
(શ્રી ગિરનાર મહાતીર્થકલ્પ - શ્લોક-૨૦)

ત્રણ જગતમાં રહેલા નિત્ય અનિત્ય અર્થાત્ શાશ્વત - અશાશ્વત સ્થાવર જંગમતીર્થોથી જે અધિક શ્રેષ્ઠ છે અને પર્વ દિવસોમાં દેવો સહિત ઈન્દ્રો જેને પૂજે છે, તે ગિરનાર ગિરિરાજ જય પામે છે.

स्वर्भूर्भुवःस्थचैत्ये यस्याकारं सुरासुरनरेशाः ।
संपूजयन्ति सततं, स जयति गिरनारगिरिराजः ॥
(શ્રી ગિરનાર મહાતીર્થકલ્પ - શ્લોક-૫)

સ્વર્ગલોક, પાતાળલોક અને મૃત્યુલોકના ચૈત્યોમાં સુર, અસુર અને રાજાઓ જેના આકારને હંમેશા પૂજે છે, તે શ્રી ગિરનાર ગિરિરાજ જય પામે છે.

अन्यस्था अपि भविनो, यद्ध्यानाद् घातिकर्ममलमुक्तः ।
सेत्स्यंति भवचतुष्के, स जयति गिरनारगिरिराजः ॥
(શ્રી ગિરનાર મહાતીર્થકલ્પ - શ્લોક-૧૯)

બીજા સ્થાનમાં પણ રહેલા (અર્થાત્ ગિરનારથી દૂર ઘર-દુકાન-દેશ-વિદેશ ગમે તે સ્થાનમાં પણ રહીને) જે ભવ્ય જીવો ગિરનારનું ધ્યાન ધરે છે તે જીવો ઘાતીકર્મના મલ દૂર કરી ચાર ભવમાં મોક્ષ પામે છે, તે શ્રી ગિરનાર ગિરિરાજ જય પામે છે.

अन्यत्रापि स्थितः प्राणी, ध्यायन्नेनं गिरीश्वरम् ।
आगामिनि भवे भावी, चतुर्थे किल केवली ॥
(વસ્તુપાળચરિત્ર-પ્રસ્તાવ-૫, શ્લોક-૮૫)


અન્ય સ્થાને (ગિરનાર સિવાય) પણ રહેલો જીવ આ ગિરનાર ગિરીશ્વરનું ધ્યાન ધરે તો તે આગામી ચાર ભવમાં નિશ્ચિત કેવલીપણાને પામી, મોક્ષપદને પ્રાપ્ત કરે છે.

महातीर्थमिदं तेन, सर्वपापहरंस्मृतम् ।
शत्रुंजयगिरेरस्य, वन्दने सदृश फलम् ।
विधिनास्य सुतीर्थस्य, सिद्धान्तोक्तेन भावतः ।
एकशोऽपिकृता यात्रा, दत्ते मुक्तिं भवान्तरात् ॥
(વસ્તુપાળચરિત્ર-પ્રસ્તાવ-૫, શ્લોક-૮૦/૮૧)


ગિરનારનો અનેરો મહિમા હોવાથી આ ગિરિવરને સર્વ પાપને હરણ કરનાર કહેલ છે તથા શત્રુંજય અને ગિરનારને વંદન કરવામાં બન્નેનું એકસરખું ફળ કહેવામાં આવેલ છે. આ ગિરનાર મહાતીર્થની શાસ્ત્રાનુસાર ભાવપૂર્વક એકપણ યાત્રા કરવામાં આવે તો તે ભવાન્તરમાં મુક્તિપદને આપનાર બને છે.



શ્રી નેમિનાથ દીક્ષા કલ્યાણકની દેરી



સહસાવન



શ્રી નેમિનાથ કેવલજ્ઞાન કલ્યાણકની દેરી

**ગિરનાર તીર્થની યાત્રા કરવા વર્ષમાં એકવાર આવવાનો સંકલ્પ કરવો.**